## અનુક્રમણિકા


❀ આજે આપણે "વહનના શિકાર શાથી છીએ ?" 04
❀ "વહન" શાથી પેદા થયું ? 06
❀ **દુનિયાથી મહોબ્બત** 14
❀ દુનિયાની જિંદગી કેવળ લહ્‌વો લઈબ (ખેલકૂદ) છે 14
❀ દુનિયવી જિંદગીની હક઼ીક઼ત 15
❀ ક્યાંક ધોકામાં ન પડશો ! 20
❀ દુનિયાની જિંદગીમાં ખોવાય જવાનો અંજામ 20
❀ મુરદાર કરતાં વધુ તુચ્છ 21
❀ મોટાભાગના લોકો નુકસાન ઉઠાવનારા છે 22
❀ પેટ નથી ભરી શકતુ 23
❀ વારસદારનો માલ કોને પસંદ છે ? 24
❀ માલદાર કોણ છે ? 27
❀ માલદારી પામવાનો નુસ્ખો 29
❀ પાંચ ચીજોને ગનીમત જાણો 31
❀ ઘડપણથી પહેલાં યુવાનીને ગનીમત જાણો 31
❀ બીમારીથી પહેલાં તંદુરસ્તીને ગનીમત જાણો 32
❀ મોહતાજીથી પહેલાં માલદારીને ગનીમત જાણો 32
❀ વ્યસ્તતા પહેલાં નવરાશને ગનીમત જાણો 33
❀ મૌતથી પહેલાં જિંદગીને ગનીમત જાણો 33
❀ મલ્ઊન (ખુદાની રહમતથી દૂર) 34
❀ આખેરતની સરખામણીમાં દુનિયાનું દષ્ટાંત 35
❀ દુનિયાથી કેટલા પ્રમાણમાં ફાયદો ઉઠાવીએ 36
❀ હુઝૂર ﷺનો અંદેશો 38

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ❀ મો'મિનનું કૈદ ખાનુ | 39 |
| ❀ દુનિયામાં કેવી રીતે રહે ? | 40 |
| ❀ **મૌતથી નફરત** | 43 |
| ❀ દરેક જાને મૌતનો સ્વાદ ચાખવાનો છે | 43 |
| ❀ મૌતથી છૂટકારો નથી ! | 45 |
| ❀ મૌત તથા જિંદગીનું સર્જન કેમ થયું ? | 46 |
| ❀ મૌતને યાદ રાખવું જોઈએ | 47 |
| ❀ સૌથી બુધ્ધિશાળી મુસલમાન | 48 |
| ❀ શહીદોની સાથે હશ્ર થશે | 49 |
| ❀ મૌતને યાદ કરવાના ફાયદા | 50 |
| ❀ મૌતના ઉલ્લેખથી બેધ્યાનપણાનાં નુકસાનો | 51 |
| ❀ મૌતથી નફરત કેમ પેદા થાય છે ?! | 52 |
| ❀ સૌથી મહાન વાઈઝ | 53 |
| ❀ દુનિયાથી લાલચહિન કરનાર | 54 |
| ❀ દિલ કાટમય બને છે | 55 |
| ❀ મૌત સૌના માટે બેહતર છે | 57 |
| ❀ શું તમે જન્નતને પ્રિય રાખો છો ? | 58 |
| ❀ દુનિયામાં મુસલમાનનું દષ્ટાંત | 59 |
| ❀ મો'મિનને મૃત્યુ વખતે કરામતથી નવાઝવામાં આવે છે | 60 |
| ❀ મો'મિનની રૂહ ક્યાં રહે છે ? | 62 |
| ❀ હદીષોમાં મૌતની ફઝીલત | 63 |
| ❀ પરત થવાનુ પસંદ નહીં કરે | 65 |
| ❀ મલકુલ મૌતની નરમી | 66 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

''વહન'' અરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ છે ''અમલની કમજોરી.'' આ એવી કમજોરી છે જે માનવના અમલી જઝબાને નષ્ટ કરી દે છે અને તેને આગળ વધવાથી રોકે છે. જે ક઼ૌમના દિલમાં ''વહન'' પેદા થઈ જાય તો તેમની સંખ્યા ભલે ગમે તેટલી હોય પણ તે ક઼ૌમ પોતે પોતાને પ્રતિ સ્પર્ધીની સામે કમતર તથા તુચ્છ સમજવા લાગે છે.

આપણે ભૂતકાળના દૌરના ઈતિહાસનો અભ્યાસ કરીએ તો જાણવા મળશે કે અલ્લાહની રાહમાં નીકળનારા અને ખુદાના દીનના માટે લડનારા ''વહન''થી ખૂબ જ દૂર રહેતા હતા. એ જ કારણે સંખ્યા ઓછી હોવા છતાં તથા જંગી શસ્ત્ર સરંજામ અપૂરતો હોવા છતાં મહાન મહાન શક્તિઓ તેમની સામે ઝુકી જતી હતી. ખુદ કુર્આને મુક઼દ્દસ ઈર્શાદ ફર્માવે છે :–

وَکَاَیِّنۡ مِّنۡ نَّبِیٍّ قٰتَلَ ۙ مَعَہٗ رِبِّیُّوۡنَ کَثِیۡرٌ ۚ فَمَا وَہَنُوۡا لِمَاۤ اَصَابَہُمۡ فِیۡ سَبِیۡلِ اللّٰہِ وَمَا ضَعُفُوۡا وَمَا اسۡتَکَانُوۡا ؕ وَاللّٰہُ یُحِبُّ الصّٰبِرِیۡنَ ﴿﴾

''અને કેટલાયે અંબિયાએ જેહાદ કર્યો તેમના સાથે ઘણા

ખુદાવાળા હતા, તો ન સુસ્ત પડયા એ મુસીબતોથી જે અલ્લાહની રાહમાં તેમને પહોંચી અને ન કમજોર થયા અને ન દબાયા. અને **સબ્રવાળા અલ્લાહના મહબૂબ** છે.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૧૪૬)*

આ આયતે મુકૃદસામાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે અંબિયાએ કિરામની સાથે રાહે હક્ક્માં જેહાદ કરનારાઓ પર મુસીબતો તથા તકલીફોના પહાડ તૂટયા તેમ છતાં તેઓ ''વહન''ના શિકાર ન થયા બલ્કે રાહે હક્ક્માં જામેલા રહ્યા.

ગઝવએ ઓહદમાં જ્યારે મુસલમાનોને જાની તથા માલી ઘણુ જ મોટુ નુકસાન ઉપસ્થિત થયું તે વખતે આગળ વધવા અને અધિક દોડધૂપ કરવાની શક્તિ માણસમાં નથી રહી જતી પણ તેમ છતાં અલ્લાહ તબારક વ તઆલાએ મુસલમાનોની હોસલા અફઝાઈ ફર્માવતાં (પ્રોત્સાહિત કરતાં) ફર્માવ્યું :

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ○

''અને ન સુસ્તી કરો અને ન ગમ ખાવ, તમે જ ગાલિબ થશો જો ઈમાન ધરાવો છો.'' –*(સૂ. આલે ઈમરાન, આ. ૧૩૯)*

એટલે કે તમારો ઈમાની જઝબો સલામત છે, ઈસ્લામના માટે તમારા દિલોમાં ઈખ્લાસ છે અને દીને હક્ક્ના માટે જેહાદ કરવાનો તમારા દિલમાં જઝબો છે તો તમારે ''વહન''નો શિકાર થવાની જરૂરત નથી. ઈમાનની શર્તની સાથે ગલબો (સરસાઈ) તથા બુલંદી તમારી જ સાથે છે.

### ★ આજે આપણે ''વહનના શિકાર શાથી છીએ ?'' ★

આજે ભલે દુનિયાની દરેક ચોથી વ્યક્તિ મુસલમાન કહેવાય

છે, પરંતું આંતર રાષ્ટ્રીય કક્ષાએ માનવજાતને પ્રભાવિત કરવાની પોલીસીઓ તથા ફેંસલાઓમાં મુસલમાનોની કોઈ અસર જોવા નથી મળતી. આજે આપણે જો ઈસ્લામના નામ પર ચાલી રહેલી ગવર્નમેન્ટોની શક્તિ તથા તાકતનું નિરીક્ષણ કરીએ તો અંદાઝો થશે :

| દેશો | પાયદળ | ટૅંક | હવાઈ શક્તિ | દરિયાઈ શક્તિ |
|---|---|---|---|---|
| યમન | ૪,૧૦,૦૦૦ | ૧૩૯૧ | ૮૫ જંગી વિમાન<br>૯૪ હેલીકોપ્ટર | ૬૫ દરિયાઈ જહાઝ |
| લીબિયા | ૧,૧૦,૦૦૦ | ૫૩૦ | ૪૮૦ જંગી વિમાન<br>૧૦૬ હેલીકોપ્ટર | ૨૧ દરિયાઈ જહાઝ<br>૨ સબમરીન |
| ઓમાન | ૧૦૦,૦૦૦ | ૧૨૨૦ | ૭૧૧ જંગી વિમાન<br>૧૩૮ હેલીકોપ્ટર | ૨૬ દરિયાઈ જહાઝ |
| મલેશિયા | ૧,૨૪,૦૦૦ | ૭૪ | ૨૫૮ જંગી વિમાન<br>૧૩૮ હેલીકોપ્ટર | ૬૫ દરિયાઈ જહાઝ<br>૨ સબમરીન |
| અલ જઝાઈર | ૪૩૫૦૦૦ | ૧૧૦૫ | ૪૪૦ જંગી વિમાન<br>૧૯૧ હેલીકોપ્ટર | ૪૧ દરિયાઈ જહાઝ<br>૪ સબમરીન |
| સઊદી અરબ | ૨૩૩૫૦૦ | ૧૧૦૫ | ૧૨૦૦ જંગી વિમાન<br>૧૪ હેલીકોપ્ટર | ૭૭ દરિયાઈ જહાઝ |
| ઈન્ડોનેશિયા | ૪૩૮૪૧૦ | ૩૩૫ | ૫૧૦ જંગી વિમાન<br>૧૬૮ હેલીકોપ્ટર | ૧૩૬ દરિયાઈ જહાઝ<br>૨ સબમરીન |
| મિસર | ૪૬૮૫૦૦ | ૩૯૮૦ | ૮૮૪ જંગી વિમાન<br>૩૦૬ હેલીકોપ્ટર | ૨૨૧ દરિયાઈ જહાઝ<br>૪ સબમરીન |
| ઈરાન | ૩૫૦૦૦૦ | ૧૬૧૩ | ૬૪૭ જંગી વિમાન<br>૧૩૪ હેલીકોપ્ટર | ૫૬ દરિયાઈ જહાઝ |

| | | | | |
|---|---|---|---|---|
| પાકિસ્તાન | ૬૧૭૦૦ | ૨૬૪૦ | ૧૪૧૪ જંગી વિમાન<br>૫૩૫ હેલીકોપ્ટર | ૧૧દરિયાઈ જહાઝ<br>૫ સબમરીન |
| તુર્કસ્તાન | ૬૧૨૭૦૦ | ૪૨૪૬ | ૧૯૪૦ જંગી વિમાન<br>૮૭૪ હેલીકોપ્ટર | ૧૬૫ દરિયાઈ જહાઝ<br>૧૬ સબમરીન |

આ મશહૂર મુસ્લિમ દેશોની ફાઈટર તથા ડિફેન્સ શક્તિઓની સમીક્ષા છે. આટલા પ્રમાણમાં શક્તિ તથા પાવર હોવા છતાં તેમની સ્થિતિ એ છે કે યહૂદી તથા ઈસાઈ જે દેશને ચાહે છે પોતાની બર્બરિયતનો નિશાનો બનાવે છે. અને મુસ્લિમ જગત હાથ પર હાથ ધરીને જોતુ રહે છે. હદ તો એ છે મુસ્લિમ દેશો પણ પોતાના આંત્રિક મામલાઓ પર સ્વતંત્રપણે નિર્ણય નથી લઈ શકતા. ક્યાંક કોઈના પર આર્થિક પાબંદી લાગુ કરી દેવામાં આવે છે તો ક્યાંક કોઈ બહાને જંગ છેડી દેવામાં આવે છે.

## ★ "વહન" શાથી પેદા થયું ? ★

સંખ્યાના એતબારથી દુનિયાની બીજી મહાન જાતી તથા ડિફેન્સ પાવરોમાં મજબૂત હોવા છતાં મુસ્લિમ કૌમ આટલા પ્રમાણમાં લાચાર તથા મજબૂર કેમ છે ? તેમની આ લાચારી તથા મજબૂરીના બારામાં હદીષે પાકમાં ચૌદસો વરસો પહેલેથી જ ખબર આપી દેવામાં આવી હતી.

"હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે હુઝૂર સૈયદે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, નજીક છે કે (ગુમરાહ) કૌમો તમારી વિરૂધ્ધ (લડવા માટે) બીજી કૌમોને બોલાવે જેવી રીતે ખાવાવાળા ખાવાના વાસણની તરફ એકબીજાને બોલાવે છે. કોઈએ અર્ઝ કરી,

શું એ વખતે અમારી સંખ્યા ઓછી હોવાને કારણે એવું થશે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, નહીં ! બલ્કે એ વખતે તમો વધુ હશો, પરંતું તમે પુરના ફીણની જેમ હશો. અલ્લાહ તઆલા તમારા દુશ્મનોના દિલોએથી તમારી ધાક કાઢી નાખશે અને તમારા દિલમાં ''વહન'' નાખી દેશે. કોઈએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ''વહન'' શું છે ? આપે ફર્માવ્યું, **દુનિયાથી મહોબ્બત અને મૌતથી નફરત.''**

*(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૭૪)*

હદીષે પાકમાં જે ખબર આપવામાં આવી હતી તે આજે આબેહૂબ રીતે થતુ જોવા મળી રહ્યું છે. આ રિવાયતના એકે એક વાક્યને ધ્યાનપૂર્વક વાંચો અને પછી વર્તમાન સ્થિતિનું નિરીક્ષણ કરો.

**નજીક છે કે (ગુમરાહ) કોમો તમારી વિરૂધ્ધ (લડવા માટે) બીજી કૌમોને બોલાવશે, જેવી રીતે ખાવાવાળા ખાવા માટે વાસણની તરફ એકબીજાને બોલાવે છે.**

આજે દુનિયામાં ચારેવ બાજુ એનાં દશ્યો જોવા મળે છે.

જર્મન ગવર્નમેન્ટના પ્રમાણે ઈ.સ. ૨૦૧૭માં જર્મનીમાં મુસલમાનો પર ૯૫૦થી અધિક હુમ્લા થયા, જેમાંથી લગભગ ૬૦ હુમ્લા મસ્જિદો તથા અન્ય ઈસ્લામિક સેન્ટરો પર થયા. સ્ત્રીઓને હિજાબ પહેરવા પર પણ હુમ્લાનુ નિશાન બનાવવામાં આવી. જર્મનીની કુલ વસ્તી ૮૨ મિલિયન (૮ કરોડ વીસ લાખ)થી વધુ છે. જેમાં ૪૭ લાખની નજીક મુસલમાનોની સાથે જર્મની ફ્રાંસના પછી પશ્ચિમી યૂરોપનો બીજો મોટો દેશ છે. જર્મનીમાં વસનારા મુસલમાનોમાં લગભગ ૩૦ લાખ તુર્ક વંશી છે શામ (સીરિયા)ના

આંતર વિગ્રહ બાદ જર્મની સહિત યૂરોપમાં વસનારા મુસલમાનોની વિરૂધ્ધ નફરત અંગેઝ વર્તાવોમાં વધારો થયો છે. એ જ કારણે માનવ અધિકારના નામ માત્રના ઝંડાધારી યૂરોપી દેશો પણ શામી (સીરિયા)ના હિજરતીઓને શરણ નથી આપી રહ્યા. અને મુસ્લિમ વંશ નાબૂદી તથા ઈસ્લામો ફોબિયા (**Islamphobia**)માં માનવ અધિકાર સુધ્ધાંને ભૂલી ગયા છે.

એ જ સ્થિતિ સ્પેનની છે. ત્યાં ઈ.સ. ૨૦૧૭માં લગભગ ૫૪૦ ઈસ્લામો ફોબિયાના કેસો નોંધાયા.

જર્મની તથા સ્પેન બાદ એ જ સ્થિતિ બ્રિટન, ફ્રાંસ, ઈટાલી, હોલેન્ડ, નેધરલેન્ડ જેવા અન્ય યૂરોપી દેશોની છે. જ્યાં વિવિધ રાજકીય પાર્ટીઓના લીડરો પબ્લિકને ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ ભડકાવીને વોટના માટે ઝુંબેશ (**Campaign**) ચલાવી રહ્યા છે. મીડિયાના થકી સરેઆમ મુસલમાનોની વિરૂધ્ધ પબ્લિકની ભાવનાઓને ભડકાવવામાં આવી રહી છે.

યૂરોપમાં હાલની ઈસ્લામ દુશ્મનીની લહેર ઈ.સ. ૨૦૧૫થી વધવી શરૂ થઈ. પ્રથમવાર યૂરોપી દેશ જમ્હુરિયહ ચેકના પ્રમુખ અને માજી ઈંગ્લિશ ડિફેન્સ લીગના લીડરે યૂરોપમાં ઈસ્લામ દુશ્મનીમાં તકરીરો કરી. ત્યાર બાદ જર્મનીમાં પેગીડા (**Pegida**) નામની ઈસ્લામ દુશ્મન ચળવળ ચલાવવામાં આવી. યૂરોપી દેશ સ્લોવાકિયા (**Slovakia**)ના વડા પ્રધાને યૂરોપથી માગ કરી કે તે યૂરોપમાં મુસલમાનોની ધાર્મિક સ્વતંત્રતા પર પાબંદી લગાડે. ઈસ્લામ દુશ્મનીમાં આગળ વધીને હિસ્સો લેવા પર હંગેરિયા

(**Hungaria**)ના વડાપ્રધાન અર્બનને યૂરોપમાં હીરો ઠરાવવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૪૮માં બ્રિટને બર્માને આઝાદ તો કરી આપ્યું છતાં મુસલમાનો પર જુલ્મો સિતમનો ક્રમ આજ સુધી ચાલુ છે, ત્યાં સુધી કે "શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ" પ્રાપ્ત કરનારી આંગસાન સૂચી બર્માની સત્તાધારી બનવા છતાં ગરીબ તથા કમજોર મુસલમાનોની ક઼ત્લે આમ ચાલુ છે. ઈ.સ. ૧૯૪૮થી લઈને આજ સુધી બૌધ્ધોએ ન તો આંતર રાષ્ટ્રીય ક઼ાનૂનનો લેહાઝ રાખ્યો છે અને ન તો માનવતાનું કોઈ તત્વ તેમનામાં મૌજૂદ છે, બલ્કે તેઓ ફાડી ખાનાર જાનવરોની જેમ સમયે સમયે હજારો ગરીબ મુસલમાનોને એ રીતે ક઼ત્લ કરે છે કે માનવતા પણ શરમાઈ રહી હોય છે. સોશિયલ મીડિયાના થકી તેમના જંગલીપણાનાં દશ્યો જોઈને માનવોની આંખોએથી આંસુઓ વહી જાય છે.

આપણા પડોશી દેશમાં જ અયગૂર મુસલમાન ચીનના સંકયાનુકમાં વસી રહ્યા છે. તેમના પર તોડવામાં આવતા જુલ્મો વિશે સાંભળીને કલેજુ મોઢે આવવા લાગે છે. ચીની ગવર્નમેન્ટે તેમને કોન્સન્ટ્રેશન કેમ્પ (**Concentration Camp**)માં રાખેલા છે. તેઓ ગુલામોની જેમ જિંદગી પસાર કરી રહ્યા છે. તેમના પર દરેક રીતની ધાર્મિક પાબંદી છે. તેઓ પોતાની પાસે કુર્આન પણ નથી રાખી શકતા. માતૃભાષા બોલવા સુધ્ધાંની પાબંદી છે. તેઓ કોઈ ધંધો કારોબાર પોતાની મરજીથી નથી કરી શકતા. બીમારી તથા સખતીના કારણે અયગૂર મુસલમાનોનાં મૃત્યુ પણ થઈ જાય છે, પરંતું કોઈને ખબર

પણ નથી થતી. કોઈ પત્રકારને પણ એ કોન્સન્ટ્રેશન કેમ્પનો દૌરો કરવાની ઈજાઝત નથી હોતી. જો કોઈ પત્રકાર કે સમાચાર સંસ્થાને અયગૂર મુસલમાનોને મળવાની રજા આપવામાં પણ આવે તો તેમને મજબૂર કરવામાં આવે છે કે તે ચીની ગવર્નમેન્ટના હુકમોના પ્રમાણે નિવેદન આપે કે અયગૂર મુસલમાન પોતાની મરજીથી કોન્સન્ટ્રેશન કેમ્પમાં રહીને કાંઈક જ્ઞાન શીખી રહ્યા છે, જ્યારે કે તેમને બળપૂર્વક કોમ્યુનિઝમ તથા ચીની સંસ્કૃતિ અપનાવવા મજબૂર કરવામાં આવી રહ્યા હોય છે.

અમેરિકાની ઈસ્લામ દુશ્મની તો વર્ષોથી મશહૂર છે. બિલ ક્લિન્ટન હોય કે જ્યોર્જ ડબ્લ્યૂ બુશ, સૌ ઈસ્લામ દુશ્મનીમાં અગ્રેસર જોવા મળે છે. ઈ.સ. ૨૦૧૬માં ડોલાન્ડ ટ્રમ્પે પણ ઈલેકશનની ચળવળમાં ઈસ્લામ દુશ્મનીનું ઉઘાડે છોગે પ્રદર્શન કર્યું. પ્રમુખ ચૂંટાવા છતાં બાયકાયદા ઈસ્લામને આતંકવાદી ધર્મ ઠરાવ્યો અને કેટલાક ઈસ્લામી દેશોના માટે અમેરિકામાં પ્રવેશ પર પણ પ્રતિબંધ લગાડયો.

અનુમાન કરી શકાય છે કે યૂરોપ તથા અમેરિકા સહિત દુનિયાભરમાં જેવી રીતે એક આયોજનપૂર્વકની યોજના હેઠળ ઈસ્લામ તથા મુસલમાનો વિરૂધ્ધ નફરતઅંગેઝ ચળવળો ચલાવવામાં આવી રહી છે જેનો પાયાનો હેતુ ઈસ્લામ તથા મુસલમાનોને દુનિયાભરમાં કમજોર કરવું છે.

હવે હદીષે પાકના આ હિસ્સાનો અભ્યાસ કરો :

**"કોઈએ અર્ઝ કરી, શું એ સમયે અમારી સંખ્યા ઓછી હોવાને કારણે એવું થશે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, નહીં !**

**બલ્કે એ વખતે તમો અધિક હશો પરંતું તમો પુરના ફીણની જેમ હશો."**

હાલમાં દુનિયાની વસ્તી સાત અબજની નજીક પહોંચી ચૂકી છે જેમાંથી એક અબજ સાઈઠ કરોડથી અધિક વસ્તી મુસલમાનોની છે. દરેક ચોથી વ્યક્તિ મુસલમાન છે. દુનિયાની વસ્તીનો 25% ભાગ મુસલમાનો પર આધારિત છે અને નિષ્ણાતોનું કહેવું છે કે દુનિયામાં ભવિષ્યના થોડાક વરસોમાં આ વસ્તીમાં 35% વધારો થઈ જશે અને ૨૦૩૦ સુધીમાં મુસલમાનોની આબાદી ૨ અબજ ૨૦ કરોડથી ઉપર નીકળી જશે. અત્યારે દુનિયાના ૨૦૦ દેશોમાંથી ૫૫ જેટલા મુસ્લિમ દેશો છે, તદ્ ઉપરાંત દુનિયાના ૫૫ થી અધિક દેશોમાં મુસલમાનોની સારી એવી આબાદી છે. દુનિયાના બાકીના દેશોમાં પણ મુસલમાનોની વસ્તી લઘુમતીના રૂપે જોવા મળે છે. એક બ્રિટનની સમાચાર સંસ્થાએ વોશિંગ્ટનના એક રિસર્ચ સેન્ટરની તેહક઼ીકના હવાલાથી લખ્યું કે ઈ.સ. ૨૦૭૦ સુધીમાં દુનિયાનો સૌથી મોટો ધર્મ બની જશે.

આપણે દુનિયાભરમાં મુસલમાનોની હાલતનું નિરીક્ષણ કરીએ તો સારી રીતે અનુમાન કરી શકીએ છીએ કે હદીષ પાકના શબ્દો **"તમે પુરના ફીણની જેમ હશો"** એ હૂબહૂ સાચુ સાબિત થઈ રહ્યું છે અને અત્યારે મુસલમાનોનો દુનિયાના કોઈ પણ સ્તરે કોઈ પ્રભાવ (ક઼દર) તથા કોઈ પકડ બાકી નથી રહી. આ બેક઼દરીનું કારણ પણ હદીષે પાકમાં વર્ણવવામાં આવ્યું છે કે :

**''અલ્લાહ તઆલા તમારા દુશ્મનોના દિલોએથી તમારી ધાક કાઢી નાખશે અને તમારા દિલોમાં ''વહન'' નાખી દેશે.**

આજે દુનિયામાં મુસલમાનો પર જ્યાં ક્યાંક જુલ્મ થઈ રહ્યો છે એ એના જ પરિણામે છે. પહેલાંના મુસલમાનોમાં અને હાલના મુસલમાનોમાં એક ઘણો જ મોટો ફરક છે કે પહેલાંના મુસલમાન ''વહન''થી દૂર હતા જેથી ઓછી સંખ્યામાં હોવા છતાં આખા જગત પર તેમનો દબદબો હતો. હાલના જમાનામાં મુસલમાન ''વહન''ના શિકાર થઈ ગયા છે જેના કારણે તેમનો દબદબો ખત્મ થઈ ચૂક્યો છે.

**''કોઈએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ''વહન'' શું છે ? આપે ફર્માવ્યું, દુનિયાથી મહોબ્બત અને મૌતથી નફરત.**

આજે આપણે આપણી આસપાસનું નિરીક્ષણ કરીએ તો સારી રીતે અનુમાન થઈ જશે કે દરેક બાજુ મુસલમાનોમાં આ બે ચીજો જોવા મળે છે : (૧) સામાન્યતઃ લોકો દુનિયાની મહોબ્બતના શિકાર છે. (૨) મૌત કે જે એક હકીકત છે અને જેનાથી છૂટકારો શક્ય નથી, તેનાથી લોકો નફરત કરતા જોવા મળે છે. એ જ કારણે આજે ચો તરફ મુસલમાન ''અમલોમાં કમજોરી''નો શિકાર છે.

આ હદીષે પાકને ધ્યાનપૂર્વક વાંચો અને તેના બાદ દુનિયાના હાલાતનું નિરીક્ષણ કરો તો સારી રીતે અનુમાન થશે કે હદીષે પાકનો એક એક શબ્દ આબેહૂબ રીતે સાબિત થયો. દુનિયામાં મુસલમાનો પર કેટલા પ્રમાણમાં જુલ્મો તોડવામાં આવી રહ્યા છે એ ઢાંકી છુપાયેલી વાત નથી. બાતિલ શક્તિઓ કેવી રીતે આપણને ચુંથી

નાખવા માટે તૈયાર છે, એ કોઈ છુપાયેલી બાબત નથી, જ્યારે કે સંખ્યાની વાત કરવામાં આવે તો દુનિયામાં વસનારો દરેક ચોથો શખ્સ મુસલમાન છે.

આવા સંજોગો કેમ ઉપસ્થિત થઈ ગયા છે તેના સબબો જે હદીષે પાકમાં વર્ણવવામાં આવ્યા છે તે સબબો આજે આપણી કૌમમાં ખૂબ જ પ્રમાણમાં જોવામાં આવી રહ્યા છે. દુનિયાની મહોબ્બત આપણા દિલોમાં એટલા પ્રમાણમાં ઘર કરી ચૂકી છે કે આપણે એના કારણે આખેરતને તદ્દન ભૂલાવી ચૂક્યા છીએ. અને મૌતથી નફરતનો આલમ એ છે કે આપણે કલ્પના કરવાનું પણ પસંદ નથી કરતા કે એક દિવસે આપણે આ દુનિયાથી જવાનું છે અને આપણે મૌતનો જામ પીવાનો છે.

એટલા માટે આવનારાં પૃષ્ઠો (લખાણો)માં અમે કુર્આની આયતો અને મુબારક હદીષોની રોશનીમાં દુનિયાની હક઼ીક઼ત, તેનાથી દિલ લગાડવાનાં નુકસાનો, અને તેનાથી દૂરી અપનાવવાના ફાયદા પર પ્રકાશ વેરીશું અને સાથોસાથ મૌતની હક઼ીક઼ત અને તેનાથી દૂર ભાગવાનાં નુકસાનો વિશે મહત્વની તથા જરૂરી વાતો પણ રજૂ કરીશું. ઈન્શાઅલ્લાહ !

## દુનિયાથી મહોબ્બત

دُنْيَا ''દુન્યા'' અરબી શબ્દ છે. આ ઈસ્મે તફઝીલ મુઅન્નષનો સેગો છે. એનો શાબ્દિક અર્થ છે ''ખૂબ જ પ્રમાણમાં ઉતરતી કક્ષાનુ.'' આ શબ્દથી જ દુનિયાની હક઼ીક઼ત જાહેર થઈ જાય છે કે એ દિલ લગાડવાની ચીજ નથી, એટલા માટે કે કોઈ પણ હલકી, બેઈજ્જત, હલકી કક્ષાની ચીજથી કોઈ શખ્સ મહોબ્બત કરવાનું પસંદ નથી કરતો.

કુર્આને મુક઼દસ તથા મુબારક હદીષોમાં ઠેક ઠેકાણે દુનિયાની હક઼ીક઼ત સ્પષ્ટ કરવામાં આવી છે અને મુસલમાનોને તેની સચ્ચાઈથી માહિતગાર કરવામાં આવેલ છે. અમુક આયતો જોઈ લઈએ :

### ★ દુનિયાની જિંદગી કેવળ લહ્વો લઈબ (ખેલકૂદ) છે ★

''લહ્વ'' તેને કહે છે જેનાથી કોઈ પ્રકારનો કોઈ ફાયદો ન મળે, અને ''લઈબ''નો મતલબ થાય છે ખેલકૂદ જેમાં ટેમ્પરરી આનંદ હોય છે, પછી જેવો ખેલકૂદ પૂરો થઈ જાય તેવી જ મજા ખત્મ થઈ જાય છે. કુર્આને મુક઼દસે દુનિયવી જિંદગીને લહ્વ તથા લઈબ (ખેલકૂદ) ઠરાવેલ છે. ઈર્શાદ થયો :

وَمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّلَعِبٌ ؕ وَاِنَّ الدَّارَ الْاٰخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۘ لَوْ
كَانُوْا يَعْلَمُوْنَ ○

''અને આ દુનિયવી જિંદગી તો નથી પણ ખેલકૂદ, અને **બેશક ! આખેરતનું ઘર જરૂર તે જ સાચી જિંદગી** છે, કેટલુ સારુ થાત જો જાણતા.'' *(સૂ. અન્કબૂત, આ. ૬૪)*

આ આયતે મુબારકમાં દુનિયવી જિંદગીની હકીકત સ્પષ્ટ કરવામાં આવી રહી છે કે આ દુનિયવી જિંદગી એવી છે જેવી રીતે બાળકો ભેગાં થાય છે અને ખેલમાં મગ્ન થઈ જાય છે અને પછી ખેલ છોડીને સર્વ બાળકો વિખેરાય જાય છે. એ જ પ્રમાણે આ દુનિયાની જિંદગી છે કે દુનિયામાં આવનારા એમાં મગ્ન થઈ જાય છે અને પછી અચાનક એને છોડીને રવાના થવું પડે છે. એની સરખામણીમાં આખેરતની જિંદગી કાયમી તથા મજબૂત છે. જેથી દુનિયામાં રહીને આખેરતની ફિકર અને તેની તૈયારી કરનારા હકીકતમાં બુધ્ધિમય કામ કરી રહ્યા છે. અને જે લોકો દુનિયાની જિંદગીમાં મગ્ન થઈને આખેરતને ભૂલી બેસે છે તેઓ યકીનન ! નુકસાન ઉઠાવનારા છે.

## ★ દુનિયવી જિંદગીની હકીકત ★

માણસ દુનિયામાં માલ તથા રોજીની ભરમાર અને દુનિયાની ઝાક ઝમાળ જોઈને ધોકો ખાય જાય છે અને વિચારવા લાગે છે કે આ જ સર્વ કાંઈ છે. એવા લોકો પર દુનિયવી જિંદગીની હકીકત આ શબ્દોમાં સ્પષ્ટ કરવામાં આવી રહી છે :

وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ

''અને દુનિયાની જિંદગી તો આ જ ધોકોનો માલ છે.''

*(સૂ. આલે ઈમરાન, આ. ૧૮૫)*

દુનિયાની હક઼ીક઼ત આ આયતે મુબારકામાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી રહી છે કે એક શખ્સ દુનિયવી જિંદગીને જોઈને ધોકામાં પડી જાય છે, તેને સરમાયો સમજવા લાગે છે અને ફુરસદના સમયોને બેકારમાં વેડફી નાખે છે. છેવટમાં તેને માલૂમ પડે છે કે આમાં કાયમીપણુ (બક઼ા) ન હતું, એમાં દિલ લગાડવું ક઼ાયમી જિંદગી એટલે આખેરતની જિંદગી માટે ખૂબ જ નુકસાનકર્તા સાબિત થયું.

હઝરત સઈદ બિન જુબૈર رضی اللہ عنہએ ફર્માવ્યું, દુનિયા, દુનિયા તલબ કરવાવાળા માટે ઘમંડનો સામાન તથા ધોકાનો સરમાયો છે, પરંતું આખેરતના તલબગાર માટે ક઼ાયમની દૌલત પ્રાપ્તિનો ઝરીયો તથા નફો આપનાર સરમાયો છે.

દુનિયાની જિંદગીમાં મગ્ન થઈ જનારાઓનું દષ્ટાંત કુર્આન મજીદમાં બે ભાઈઓના બનાવ પરથી સમજાવવામાં આવેલ છે. કુર્આની આયતોનો ફક્ત અનુવાદ રજૂ કરીએ છીએ :

وَ اضْرِبْ لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ جَعَلْنَا لِاَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ اَعْنَابٍ وَّ حَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّ جَعَلْنَا بَيْنَهُمَا زَرْعًا ؕ﴿۳۲﴾

"અને તેમની સામે બે પુરૂષોનો હાલ વર્ણવો કે તેમનામાંથી એકને અમે દ્રાક્ષના બે બાગ આપ્યા અને તેને ખજૂરોથી ઢાંકી લીધા અને તેની વચ્ચે ખેતી રાખી." *(સૂ. કહફ, આ. ૩૨)*

આ બની ઈસ્રાઈલમાં બે ભાઈ હતા. એક કાફિર હતો જેનું નામ ક઼તરૂસ હતું. બીજો મુસલમાન હતો જેનું નામ યહૂઝા હતું. બંનેવને પોતાના પિતાના વારસામાંથી આઠ હજાર દીનાર મળ્યા તેને તે બંનેવે બે ભાગોમાં વહેંચી લીધા. કાફિરે એક હજાર દીનારથી જમીન

ખરીદી. એ જોઈને મો'મિને કહ્યું, હે અલ્લાહ ! મારા ભાઈએ એક હજાર દીનારમાં જમીન ખરીદી છે, હું એક હજાર દીનારમાં જન્નતમાં જમીન ખરીદુ છું. આવું કહીને તેણે એક હજાર દીનાર સદકો કરી આપ્યા. પછી તેના ભાઈએ એક હજાર દીનાર વડે ઘર બનાવ્યું. આ જોઈને તેણે કહ્યું કે હે અલ્લાહ ! મારા ભાઈએ એક હજાર દીનારમાં ઘર બનાવ્યું છે અને હું તારાથી જન્નતમાં મહેલ ખરીદુ છું. આવું કહીને તેણે એક હજાર દીનાર સદકો કરી દીધા.

પછી તેના ભાઈએ એક હજાર દીનાર મહેરમાં આપીને એક સ્ત્રી સાથે શાદી કરી. તેના પર તેણે કહ્યું કે, હે અલ્લાહ ! હું એક હજાર દીનાર હૂરોની મહેર બનાવું છું, અને તેણે એક હજાર દીનાર સદકો કરી આપ્યા. પછી તેના ભાઈએ એક હજાર દીનારમાં ખાદિમો તથા માલ સામાન ખરીદયો. તો તેણે કહ્યું, હે અલ્લાહ ! હું એક હજાર દીનારમાં વલદાને મુખ્લદૈન (સદા રહેનાર છોકરા) ખરીદુ છું, અને તેણે એક હજાર દીનાર સદકો કરી આપ્યા. પછી જ્યારે તેને કોઈ જરૂરત ઉભી થઈ તો પોતાના ભાઈના રસ્તામાં બેસી ગયો. તેનો ભાઈ તેના લાવ લશ્કર સાથે પસાર થયો તો તે તેની સામે ઉભો થઈ ગયો. તેણે તેને રસ્તેથી હટાવી દીધો અને પોતાનો માલ સદકો કરવા પર તેને ભલુબુરુ કહેવા લાગ્યો.

*(તફસીરુલ મદારિકિત્તંઝીલ, આયત ઉપર મુજબ)*

આ કાફિર માલદાર અને તેના નાદાર મુસ્લિમ ભાઈ વચ્ચે જે કાંઈ મામલો બન્યો તેને કુર્આને મુકદ્દસે આ રીતે વર્ણવેલ છે :

''બંનેવ બાગ પોતાનાં ફળ લાવ્યાં અને તેમાં કાંઈ કમી ન આપી.

અને બંનેવની વચ્ચે અમે નહેર બનાવી. અને તે ફળ ધરાવતો હતો તો પોતાના સાથીને બોલ્યો, અને તે તેની સાથે તકરાર કહી રહ્યો હતો કે હું તારા કરતાં માલમાં અધિક છું અને માણસોનું અધિક જોર ધરાવું છું. પોતાના બાગમાં ગયો અને પોતાની જાન પર જુલ્મ કરતાં બોલ્યો મને ગુમાન નથી કે આ કદી ફના થાય, અને હું ગુમાન નથી કરતો કે ક઼યામત ક઼ાયમ થાય, અને જો હું મારા રબની તરફ ફરીને ગયો પણ તો જરૂર આ બાગથી બેહતર પલટવાની જગા પામીશ.

તેના સાથીએ તેની સાથે ચર્ચા કરતાં જવાબ આપ્યો, શું તું તેની સાથે કુફ્ર કરે છે જેણે તને માટીથી બનાવ્યો પછી સાફ સ્વચ્છ પાણીના ટીપા વડે, પછી તને બરાબર પુરૂષ બનાવ્યો પરંતું હું તો કહું છું કે એ અલ્લાહ જ મારો રબ છે. અને હું કોઈને મારા રબનો શરીક નથી કરતો. અને કેમ ન થયું કે જ્યારે તું તારા બાગમાં ગયો તો કહ્યું હોત, જે ચાહે અલ્લાહ, અમારામાં કાંઈ શક્તિ નથી પણ અલ્લાહની મદદની. જો તું મને તારા કરતાં માલ તથા ઔલાદમાં ઉતરતો જોતો હતો તો નજીક છે કે મારો રબ મને તારા બાગ કરતાં સારો આપે અને તારા બાગ પર આસ્માનથી વીજળીઓ ઉતારે તો તે ઉજ્જડ મેદાન થઈને રહી જાય. અથવા તેનું પાણી જમીનમાં ધસી જાય, તું એને કદાપિ શોધી ન શકે. અને એનાં ફળો ઘેરી લેવામાં આવ્યાં, તું તારા હાથ ઘસતો રહી ગયો એ ખર્ચા પર જે એ બાગમાં ખર્ચ કર્યો હતો. અને તે છાપરાંઓ પર પડેલો હતો અને કહી રહ્યો હતો, હે કાશ ! મેં મારા રબનો કોઈને શરીક ન કર્યો હોત. અને તેની પાસે કોઈ જમાઅત ન હતી કે અલ્લાહની સામે તેની મદદ કરતી, ન તે બદલો લેવાને પાત્ર હતો. અહીં ખુલે છે કે ઈખ્તિયાર સાચા અલ્લાહનો છે. તેનો

સવાબ સૌથી બેહતર અને તેને માનવાનો અંજામ સૌથી ભલો.''

આ બનાવથી જાણવા મળ્યું કે જે લોકો દુનિયવી જિંદગીને જ સર્વ કાંઈ સમજી બેસે છે અને દુનિયામાં ખોવાયને આખેરતને ભૂલી જાય છે, અસલમાં તેઓ ધોકામાં પડી જાય છે. પછી એક દિવસે જ્યારે તેમનો દુનિયવી માલ સામાન ખત્મ થઈ જાય છે ત્યારે તેમને એહસાસ થાય છે કે તેમણે તો ખૂબ જ નુકસાનવાળો સોદો કર્યો છે, એની સરખામણીમાં જેઓ દુનિયાને આખેરતની ખેતી બતાવે છે અને એમાં આખેરતની તૈયારી કરે છે તેઓ દુનિયામાં પણ સંતુષ્ઠ રહે છે અને આખેરતમાં તો તેમને એશ આરામનો એવો સામાન નસીબ થશે જે કદી ફના થનારો નથી.

ઉપરોક્ત બનાવ વર્ણવ્યા બાદ અલ્લાહ તબારક વ તઆલાએ દુનિયવી જિંદગીનું દષ્ટાંત આ શબ્દોમાં રજૂ કર્યું :–

وَاضۡرِبۡ لَهُمۡ مَّثَلَ الۡحَيٰوةِ الدُّنۡيَا كَمَآءٍ اَنۡزَلۡنٰهُ مِنَ السَّمَآءِ فَاخۡتَلَطَ بِهٖ نَبَاتُ الۡاَرۡضِ فَاَصۡبَحَ هَشِيۡمًا تَذۡرُوۡهُ الرِّيٰحُ ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ مُّقۡتَدِرًا ○

''અને તેમની સામે દુનિયવી જિંદગીની કહેવત વર્ણન કરો જેવી રીતે એક પાણી અમે આસ્માનથી ઉતાર્યું તો એના કારણે જમીનની લીલોતરી ગાઢ બનીને નીકળી કે સૂકી ઘાસ થઈ ગયો જેને હવાઓ ઉડાડે, અને અલ્લાહ દરેક ચીજ પર કાબૂવાળો. *(સૂ. કહફ, આ. ૪૫)*

આ આયતમાં દુનિયાની તરો તાઝગી અને ત્યારબાદ તેની તબાહીને ઘાસના દષ્ટાંત વડે સમજાવવામાં આવેલ છે કે જેવી રીતે

ઘાસ લીલીછમ હોવાના થોડાક જ દિવસો બાદ સૂકાયને ફના થઈ જાય છે અને એવી નેસ્તોનાબૂદ થઈ જાય છે કે તેનું નામો નિશાન નષ્ટ થઈ જાય છે. એ જ પ્રમાણે દુનિયવી જિંદગીનો હાલ છે કે આજે તેની ખુશીઓ તથા આનંદોમાં ગુમ થનારા જાણી લે કે દુનિયા હમેશાં રહેશે નહીં, તેણે એક ન એક દિવસ ફના થવાનું છે.

## ★ ક્યાંક ધોકામાં ન પડશો ! ★

દુનિયાની હેસિયત કુર્આન મજીદમાં ઠેક ઠેકાણે સ્પષ્ટ કરવામાં આવેલી છે. વળી અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના બંદાઓને માહિતગાર પણ કરી આપ્યા કે દુનિયામાં તમારી જિંદગી ગુજારો અને તેની નેઅમતોથી ફાયદો ઉઠાવો પરંતું ખબરદાર ! તેની રંગીનીઓને જોઈને ધોકામાં ન પડી જશો. કુર્આનનો ઈર્શાદ છે :

يٰٓاَيُّهَا النَّاسُ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَلَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ ○

"હે લોકો ! બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે, તો કદાપિ તમને ધોકો ન આપે દુનિયાની જિંદગી અને કદાપિ તમને અલ્લાહના હુકમ પર ધોકો ન આપે તે મોટો ધોકાબાઝ." *(સૂ. ફાતિર, ૩૫/૫)*

## ★ દુનિયાની જિંદગીમાં ખોવાય જવાનો અંજામ ★

દુનિયાની જિંદગીમાં ખોવાય જવું ભયાનક અંજામનો સબબ છે. એવા લોકો જેઓ દુનિયાના ધોકામાં સપડાયને આખેરતને ભૂલાવી બેસે છે તેમના માટે જહન્નમનો અઝાબ તૈયાર કરવામાં આવી ચૂક્યો

છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

اِنَّ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَنَا وَرَضُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا وَاطْمَاَنُّوْا بِهَا وَالَّذِيْنَ هُمْ عَنْ اٰيٰتِنَا غٰفِلُوْنَ ○ اُولٰٓئِكَ مَاْوٰىهُمُ النَّارُ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ○

"બેશક ! તેઓ જેઓ અમને મળવાની ઉમ્મીદ નથી ધરાવતા અને દુનિયાની જિંદગી પસંદ કરી બેઠા અને તેમાં સંતુષ્ઠ થઈ ગયા, અને તેઓ જેઓ અમારી આયતોથી ગફલત વર્તે છે તે લોકોનું ઠેકાણુ દોઝખ છે, બદલો તેમની કમાઈનો." *(સૂ. યૂનુસ, આ. ૭)*

## ★ મુરદાર કરતાં વધુ તુચ્છ ★

આ દુનિયા જેની પાછળ આજે લોકો ભાગી રહ્યા છે અને જેને હાંસલ કરવાના માટે કાંઈ પણ કરવા તૈયાર રહે છે, તેમની હૈસિયત અલ્લાહ તબારક વ તઆલા નજીક શું છે ? તેને હદીષે પાકથી સમજો :

હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺ બકરીના નાના કાનોવાળી મુરદાર બકરીની પાસેથી પસાર થયા. આપે ફર્માવ્યું, આને એક દિરહમમાં ખરીદવું કોણ પસંદ કરશે ? લોકોએ અર્ઝ કરી, અમે તો એને કોઈ પણ કિંમત પર નથી ખરીદી શકતા. એના પર અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું :

فَوَاللّٰهِ لَلدُّنْيَا اَهْوَنُ عَلَى اللّٰهِ مِنْ هٰذَا عَلَيْكُمْ۔ **"ખુદાની કસમ ! યકીનન ! દુનિયા અલ્લાહની નજીક એનાથી કેટલાય અંશે અધિક ઝલીલ (તુચ્છ) છે જેટલુ આ બકરીનું બચ્ચુ તમારી નજીક તુચ્છ છે."** *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૨૭)*

જેવી રીતે બકરીનું એક મુરદાર બચ્ચુ જો કોઈ આપણને વિના કિંમતે પણ આપી દે તો પણ આપણી નજરમાં તેની કોઈ કદર હશે નહીં, એ જ પ્રમાણે મો'મિનની નજરમાં દુનિયાની કોઈ કદર હોવી ન જોઈએ.

## ★ મોટાભાગના લોકો નુકસાન ઉઠાવનારા છે ★

દુનિયામાં માણસને બે ચીજો મળે છે : ૧. તંદુરસ્તી ૨. સમય. હાલ એ છે કે માણસ દુનિયા જમા કરવાના ચક્કરમાં સમય તથા તંદુરસ્તી બંનેવ ગુમાવી બેસે છે. અને પછી તંદુરસ્તી હાંસલ કરવાના ચક્કરમાં દુનિયાની હાંસલ કરેલી પૂંજી પણ ગુમાવી બેસે છે. છેવટે હાંસલ કાંઈ જ નથી થતુ. એના જ પ્રતિ આ હદીષે પાકમાં નિર્દેશ કરવામાં આવ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હુઝૂર રહમતે આલમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :

نِعْمَتَانِ مَغْبُوْنٌ فِيهِمَا كَثِيرٌ مِنَ النَّاسِ: الصِّحَّةُ وَالْفَرَاغُ.

''બે નેઅમતો એવી છે જેમાં મોટાભાગના લોકો નુકસાન ઉઠાવે છે, એક તંદુરસ્તી બીજી ખાલી સમય.'' *(સહીહ બુખારી, ૩/૮૮)*

તંદુરસ્તી તથા સમય યકીનન ! અલ્લાહ તબારક વ તઆલાની અર્પણ કરેલી બે મહાન નેઅમતો છે. આ એવી નેઅમતો છે જેનો ઉપયોગ કરીને આપણે આખેરતની ભરપુર તૈયારી કરી શકીએ છીએ. પરંતું આપણો હાલ એ છે કે એ નેઅમતોનો ઉપયોગ આપણે

અલ્લાહ તબારક વ તઆલાની નાફર્માનીનાં કામોમાં કરીએ છીએ. પછી જ્યારે ઉમર ઢળી જાય છે અને તંદુરસ્તી બગડી જાય છે કે ત્યારે આપણને એહસાસ થાય છે કે આપણને જે મોક઼ો મયસ્સર થયો હતો તેને આપણે વેડફી નાખ્યો !

## ★ પેટ નથી ભરી શકતુ ★

સવાલ એ છે કે માણસને દુનિયવી માલો દૌલતનો કેટલો હિસ્સો મળી જાય તો તે સંતુષ્ઠ થઈ જાય ? યક઼ીનન ! જવાબ એ જ હશે જે આ હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યો છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما બયાન કરે છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَوْ كَانَ لِابْنِ اٰدَمَ وَادِيَانِ مِنْ مَالٍ لَابْتَغٰى ثَالِثًا، وَلَا يَمْلَأُ جَوْفَ ابْنِ اٰدَمَ اِلَّا التُّرَابُ۔

"જો માણસના માટે માલની બે ઘાટીઓ થઈ જાય તો પણ તે ત્રીજીની તલબ કરશે અને માણસનું પેટ માટી સિવાય કોઈ ચીજ નથી ભરી શકતી." *(સહીહ બુખારી, ૮/૯૨)*

આપણો હાલ એ જ છે કે આપણે પૂરી જિંદગી માલ તથા દૌલત હાંસલ કરવાની એટલા પ્રમાણમાં ફિકરમાં રહીએ છીએ કે આપણને ચાહે જે રીતે પણ દૌલત મળી જાય છતાં અધિકની તલબ આપણા દિલથી નથી નીકળતી. પૂરી જિંદગી દોલતની હવસમાં પસાર થઈ જાય છે, બસ માલ આવવો જોઈએ, ભલે જ્યાંથી પણ આવે. માલ તથા દૌલતની તલબમાં ઘણા બધા લોકો તો એટલા પ્રમાણમાં આંધળા

થઈ ચૂક્યા છે કે હલાલ ઝરીયાથી આવી રહ્યો છે કે હરામ ઝરીયાથી એની પણ કોઈ પરવા નથી હોતી. પછી અચાનક જ દુનિયાથી જવાનો સમય આવી જાય છે અને પૂરેપૂરો માલ અને બધી જ દૌલત અહીં જેમની તેમ રહી જાય છે.

## ★ વારસદારનો માલ કોને પસંદ છે ? ★

માણસ પોતાની પૂરી જિંદગી માલ એકત્ર કરવામાં પસાર કરી દે છે. પછી એક દિવસે દુનિયાથી જવાનો સમય આવી જાય છે અને માલ તથા દૌલત દુનિયામાં છોડીને ચાલ્યો જાય છે. તેની દૌલત તેના વારસદારો આપસમાં વહેંચી લે છે અને તેને પોતાના માલથી ફાયદો ઉઠાવવાનો મોકો જ મયસ્સર નથી થતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી મરવી છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, તમારામાંથી કોણ એવો છે જેને પોતાના વારસદારનો માલ પોતાના માલ કરતાં અધિક પ્રિય છે ? લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કોઈને પણ પોતાનો માલ પોતાના વારસદારના માલ કરતાં પ્રિય હશે ?! એના પર આકાએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :

فَإِنَّ مَالَهُ مَا قَدَّمَ، وَمَالُ وَارِثِهِ مَا أَخَّرَ. "એનો માલ તો તે છે જે તેણે આગળ મોકલ્યો છે, અને જે એ પાછળ છોડીને આવી રહ્યો છે તે તો વારસદારોનો માલ છે." *(સહીહ બુખારી, ૮/૯૩)*

આ હદીષે પાકમાં એવો તરીકો બતાવવામાં આવ્યો છે જેના પર અમલ કરીને આપણે દુનિયવી માલો દૌલતથી આખેરતમાં પણ

ફાયદો ઉઠાવી શકીએ છીએ. હદીષે પાકનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તબારક વ તઆલા દુનિયામાં માલ તથા દૌલત અતા ફર્માવે તો તેને જરૂરત પ્રમાણે દુનિયવી સુખ સગવડ માટે પણ વાપરી શક઼ીએ છીએ, પરંતું તેની સાથોસાથ તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરીને પોતાના માટે આખેરતનો સામાન બનાવો. એટલા માટે કે દુનિયામાં જે છોડીને ચાલ્યા જઈશું તેનો ફાયદો કેવળ વારસદારોને મળશે, આપણને તેનો કાંઈ ફાયદો મળશે નહીં. આપણો કેવળ તે માલ આપણા મૃત્યુ બાદ આપણા માટે લાભકારક હશે જે આપણે અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો છે.

એક હદીષ હઝરત મુતરફ પોતાના પિતાથી રિવાયત કરે છે. તે ફર્માવે છે, હું નબી કરીમ ﷺની પાસે આવ્યો. તે વખતે આપ સૂરએ اَلْهٰكُمُ التَّكَاثُرُની તિલાવત ફર્માવી રહ્યા હતા. આપે ફર્માવ્યું :

يَقُوْلُ ابْنُ اٰدَمَ: مَالِيْ مَالِيْ وَهَلْ لَّكَ يَا ابْنَ اٰدَمَ اِلَّا مَا اَكَلْتَ فَاَفْنَيْتَ اَوْ لَبِسْتَ فَاَبْلَيْتَ اَوْ تَصَدَّقْتَ فَاَمْضَيْتَ؟

**"માણસ કહે છે, મારો માલ ! મારો માલ ! હે ઈન્સાન! તારો માલ તો કેવળ તે છે જે તેં ખાયને ખત્મ કરી નાખ્યો અથવા પહેરીને જૂનો કરી નાખ્યો અથવા સદક઼ો કરીને આગળ મોકલી આપ્યો."** *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૨૯)*

આ હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું કે માણસ "મારો માલ ! મારો માલ !" કહેતો રહે છે, તેણે સમજી લેવું જોઈએ કે તેનો માલ તો હક઼ીક઼તમાં તે જ છે જેનાથી તે ફાયદો ઉઠાવી લે. જે માલ દુનિયવી

જિંદગીમાં પોતાની જરૂરિયાતના માટે ખર્ચી કાઢે તે માલ તેનો થયો. દા.ત. ખાય પીને ખત્મ કરી નાખ્યો, પહેરી ઓઢીને પૂરાણો કરી દીધો, તેના સિવાય ફુઝૂલ ચીજોમાં'' જે ખર્ચ કરે તેણે તો ક્યામતના દિવસે તેનો વબાલ પણ ઉઠાવવો પડી શકે છે. હા ! અલ્બત્ત ! એક માલ એવો છે જેનાથી તેને દુનિયા તથા આખેરત બંનેવમાં ફાયદો થશે, અને તે માલ એ છે જેને તેણે અલ્લાહની રાહમાં ખર્ચ કરીને પોતાના માટે આખેરતનો સામાન બનાવી લીધો.

ઉપરોક્ત હદીષે પાકમાં જે સૂરએ મુબારકાની નબીયે કૌનેન ﷺ તિલાવત કરી રહ્યા હતા એના પર પણ એક નજર નાખતા ચાલીએ. કુર્આનનું ફર્માન છે : أَلْهٰكُمُ التَّكَاثُرُ ''તમને ગાફિલ રાખ્યા માલની અધિક તલબે.'' *(સૂરએ તકાષુર, ૧૨૦/૧)*

એટલે દુનિયાની તલબમાં તમે એટલા પ્રમાણમાં ગુમ થઈ ગયા કે દુનિયાની મહોબ્બતે તમને દુનિયાના ખાલિક઼ (સર્જનહાર)ની મહોબ્બતથી દૂર કરી દીધા. દુનિયાની ફિકરમાં તમે તેને પેદા કરનારની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા બંદગીથી બેપરવા થઈ ગયા. **દુનિયામાં એટલા પ્રમાણમાં વ્યસ્ત થઈ ગયા કે એ પણ ભૂલી ગયા કે એક દિવસે તમારે અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં ઉભા રહીને તમારી પૂરી જિંદગીનો હિસાબ પણ આપવાનો છે.** આ ગફલતે તમને છળકપટમાં સપડાવી દીધા. ગરીબોનો હક્ક઼ મારવું, હાથ નીચેનાઓ પર જુલ્મ કરવો, વ્યાજ તથા લાંચ લેવી, હલાલ તથા હરામ વચ્ચે તમીઝને ભૂલી જવી, એને તમે તમારો ધંધો બનાવી લીધો.

આ આયતથી જાણવા મળ્યું કે ખૂબ અધિક માલની લાલચ તલબ જો અલ્લાહ તબારક વ તઆલાની યાદથી ગાફેલ કરનાર હોય તો તિરસ્કારને પાત્ર તથા નાપસંદીદા છે. દુનિયાની તલબ એ જ હદ સુધી દુરુસ્ત છે જે આખેરતની ફિકરથી ગાફેલ ન કરે. જો કોઈ શખ્સ દુનિયામાં ડૂબી જઈને આખેરતને ભૂલતો જઈ રહ્યો છે તો તેની આ દુનિયા તલબી તેના માટે આખેરતમાં જાન માટે વબાલ બની જશે.

### ★ માલદાર કોણ છે ? ★

એ પણ યાદ રાખશો કે જો આપે એ માન્યતા બનાવી દીધી છે કે ખૂબ ખૂબ રૂપિયા પૈસા કમાઈને આપ ગની થઈ જશો તો એ ખયાલ તમારા દિલથી કાઢી નાખો. આપે ખુદ એ વાતનો અનુભવ કર્યો હશે કે માસિક દસ હજાર કમાનાર એવું વિચારતો હશે કે જો હું પાંચ હજાર અધિક કમાય લઉં તો મારી જિંદગી અધિક બેહતર થઈ જાય. એને જ્યારે પંદર મળવા લાગે છે તો તે વિચારે છે કે જો હું વીસ હજાર માસિક કમાય લઉં તો મારી જિંદગી બેહતર થઈ જશે. આ રીતે તે લાખો પણ કમાવા લાગે તો પણ કદી પોતાની કમાઈથી સંતુષ્ઠ નથી થતો, બલ્કે તેને અધિકની તલબ સતાવતી રહે છે. એટલા માટે માલની અધિકતાને હદીષે પાકમાં ''ગની'' (માલદાર) હોવાની નિશાની ઠરાવવામાં આવેલ નથી બલ્કે ગની કોણ છે એના બારામાં આ હદીષે પાક જુઓ :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યું :

لَيْسَ الْغِنٰى عَنْ كَثْرَةِ الْعَرَضِ وَلٰكِنَّ الْغِنٰى غِنَى النَّفْسِ۔

''માલ તથા અસ્બાબની અધિકતા હક઼ીક઼તમાં માલ દારી નથી બલ્કે **માલદારી એ છે કે દિલ સંતુષ્ઠ થઈ જાય.**

*(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૩૦)*

દિલ ત્યારે જ સંતુષ્ઠ થશે જ્યારે અલ્લાહના અતા કરેલા પર શુક્ર અને ક઼નાઅત (જે મળે તેમાં રાજી)નો જઝબો પેદા થઈ જાય. આ જઝબો જેના દિલમાં મૌજૂદ છે તે પોતે પોતાને સૌથી મોટો માલદાર મેહસૂસ કરે છે. એટલા માટે કે જેટલુ એને મળી જાય છે તેનાથી અધિકની તલબમાં તે પોતાની જિંદગીને વેડફતો નથી, બલ્કે શુક્રે ખુદા અદા કરે છે અને એના પર ક઼નાઅત કરીને જિંદગી પસાર કરે છે.

એનો મતલબ એ નથી કે આપણે હાથ પર હાથ રાખીને બેસી જઈએ અને મહેનત તથા કોશિશ કરવાનું છોડી દઈએ, બલ્કે એનો મતલબ એ છે કે આપણી કોશિશો તથા મહેનતોના છતાંય આપણને ધાર્યા મુજબની આવક ન મળે તો એનાથી દિલમાં રંજ પેદા કરવો દુરુસ્ત નથી, એટલા માટે કે તે રંજ ફરી ગલત માર્ગો અપનાવવા મજબૂર કરી દે છે. માણસ પોતાની જરૂરતોને પોતાની આવકની અંદર સમેટવાની કોશિશ કરે તો જિંદગી ખૂબ જ સરળતાપૂર્વક પસાર થઈ શકે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ મરવી છે કે હુઝૂર સૈયદે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

اِرْضَ بِمَا قَسَمَ اللّٰهُ لَكَ تَكُنْ اَغْنَى النَّاسِ۔ "અલ્લાહે તારા માટે જે વહેંચણી કરી છે તેના પર રાજી થઈ જા, તો દુનિયાનો સૌથી અમીર માણસ બની જઈશ." *(હવાલો : ઉપર મુજબ)*

એટલા માટે કે તમારા દિલને સંતોષી કરવાનો આ જ ઝરીયો છે. નહીં તો એવા લોકો પણ ગુજર્યા છે જેઓ કેટલાય દેશો પર બાદશાહત કર્યા બાદ સંતુષ્ઠ ન હતા.

## ★ માલદારી પામવાનો નુસ્ખો ★

આજે આપણો હાલ એ છે કે દિવસભર મહેનત મજૂરી કર્યા બાદ મુશ્કેલીથી પેટ પાલવા જેટલી રોજી હાંસલ કરી શકીએ છીએ. સામાન્યતઃ લોકો પોતાની આવકથી સંતુષ્ઠ નથી, અને દિલ અધિકની તમન્નામાં સતત લાગેલુ રહે છે. છેવટે દિલને સંતોષ કેમ હાંસલ નથી થતો ? આવો ! આ હદીષેપાકમાં જોઈએ છીએ :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે આકાએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

اِبْنَ اٰدَمَ تَفَرَّغْ لِعِبَادَتِیْ اَمْلَأْ صَدْرَكَ غِنًى وَأَسِدَّ فَقْرَكَ وَاِنْ لَّا تَفْعَلْ مَلَأْتُ يَدَكَ شُغْلًا وَّلَمْ اَسُدَّ فَقْرَكَ۔

"હે આદમની ઔલાદ ! મારી ઈબાદતના માટે સમય કાઢ ! હું તારા દિલમાં ગના (બેપરવાઈ) ભરી દઈશ. જો તું એવું કરીશ નહીં તો તારા હાથોને કામોથી ભરી દઈશ અને તારી ગરીબી દૂર કરીશ નહીં." *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૩)*

આજે આપણી જિંદગી આ વાતની જીવતી જાગતી તસ્વીર છે કે આપણી પાસે કામો એટલાં છે કે તેને કરતાં કરતાં આપણી હાલત ખરાબ થઈ જાય છે, પરંતુ એના બદલામાં આપણને જે વળતર મળી રહ્યું છે તેનાથી આપણુ દિલ કદી સંતુષ્ઠ નથી થતું. એનું કારણ એ છે કે આપણે આપણા કામકાજના ચક્કરમાં પડીને પોતાના રબની ઈબાદતના માટે  સમય ખર્ચ કરવાનુ છોડી દઈએ છીએ. આપણા વચ્ચે મોટી સંખ્યા એવા લોકોની છે જેઓ દુનિયાદારીમાં વ્યસ્ત થઈને અલ્લાહ તબારક વ તઆલાની ઈબાદત અને ઝિક્રથી ગાફિલ થઈ ચૂક્યા છે. પંજવકતા નમાઝો તો બાજુ પર રહી પણ જુમ્આની નમાઝ પઢવાની પણ ફિકર નથી થતી. જો જુમ્આની નમાઝમાં પહોંચી પણ ગયા તો બસ કોઈ રીતે બે રકાતો અદા કરી અને તરત મસ્જિદથી બહાર નીકળી ગયા.

અમુક તે છે જેઓ દિવસમાં એકાદ બે સમયની પઢી લે છે, તે પણ ફ્રી બેઠા હોય તો પઢી લીધી અને કામમાં વ્યસ્ત છે તો છોડી દીધી !

દુનિયાદારીમાં આટલા પ્રમાણમાં વ્યસ્ત હોવા છતાં આજે જે આપણુ દિલ આપણી આવકથી સંતુષ્ઠ નથી એનું ઘણુ મોટુ કારણ એ છે કે ગરીબી આપણા પર અઝાબના સ્પરૂપમાં સવાર થઈ ચૂકી છે, એવામાં આપણે ગમે તેટલુ પણ કમાય લઈએ પણ દિલમાં સંતોષ કદી દાખલ નથી થઈ શકતો. તેની સરખામણીમાં આપણે કારોબારી વયસ્તતાઓમાંથી સમય કાઢીને અલ્લાહનો ઝિક્ર તથા ઈબાદત કરીએ, નમાઝ પઢીએ અને દીની કામોમાં હિસ્સો લઈએ તો ગયબથી

આપણને સુકૂન તથા ઈત્મિનાનની દૌલત નસીબ થશે અને તંગદસ્તીથી આપણને છૂટકારો મળશે.

## ★ પાંચ ચીજોને ગનીમત જાણો ★

જયારે ઈબાદત તથા બંદગીની શક્તિ હોય અને એનો મોક઼ો ઉપલબ્ધ હોય તો તેને ગનીમત જાણીને રબની બંદગી કરવી જોઈએ, એ પહેલાં કે સમય હાથથી નીકળી જાય અને પછી પસ્તાવાનો વારો આવી જાય. એના પ્રતિ આ હદીષે પાકમાં ધ્યાન દોરવામાં આવ્યું છે.

હઝરત અમ્ર બિન મૈમૂન અવદી رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِغْتَنِمْ خَمْسًا قَبْلَ خَمْسٍ: شَبَابَكَ قَبْلَ هَرَمِكَ وَصِحَّتَكَ قَبْلَ سَقَمِكَ وَغِنَاكَ قَبْلَ فَقْرِكَ وَفَرَاغَكَ قَبْلَ شُغْلِكَ وَحَيَاتَكَ قَبْلَ مَوْتِكَ۔

''પાંચ ચીજોથી પહેલાં પાંચ ચીજોને ગનીમત જાણો : (૧) ઘડપણ પહેલાં જવાનીને (૨) બીમારીથી પહેલાં તંદુરસ્તીને (૩) મોહતાજીથી પહેલાં માલદારીને (૪) મશગૂલીથી પહેલાં નવરાશને (૫) મૌતથી પહેલાં જિંદગીને.

## ★ ઘડપણથી પહેલાં યુવાનીને ગનીમત જાણો ★

યુવાનીમાં માનવ અંગો ઘડપણની સરખામણીએ અધિક મજબૂત હોય છે. એમાં ઈબાદત તથા બંદગી માટે અધિક શક્તિ હોય છે અને મહેનત તથા કષ્ટી કરવાથી થાકતાં નથી. એટલા માટે એવું વિચારવું કે હજી જવાનીનો સમય છે, ખૂબ દુનિયા કમાય લેવામાં

આવે. અને જ્યારે પછી ઘડપણ આવી જશે અને કામ કરવાની ક્ષમતા નહીં રહી જાય તે વખતે મસ્જિદમાં બેસીને અલ્લાહ અલ્લાહ કરી લઈશું ! તો આ ખયાલ બરાબર નથી. કેમ કે આપણી જિંદગીના કેટલા દિવસો બાકી છે તેનો આપણને કોઈ અંદાઝો નથી. અને આપણે ઘડપણ સુધી પહોંચી પણ શકીશું કે નહીં તેની શું ગેરંટી છે ?!

## ★ બીમારીથી પહેલાં તંદુરસ્તીને ગનીમત જાણો ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આખેરતની તૈયારી કરવાનો મોકો આપ્યો છે. અંગો સહી સલામત છે તો તેના થકી જેટલા પ્રમાણમાં શક્ય હોય નેકીઓ જમા કરતા ચાલો. એટલા માટે કે ક્યારે અચાનકથી કાંઈ ન થવાનું થઈ જાય અને આપણા અંગોમાં તે શક્તિ તથા ક્ષમતા ન રહેવા પામે જે અત્યારે મૌજૂદ છે, એનું કોઈ જ ઠેકાણુ નથી. આજે આપણે સહી સલામત છીએ, કાલે ખુદા ન ખ્વાસ્તા કોઈ બીમારીએ પોતાની ઝપટમાં લઈ લીધા તો પછી આપણા હાથમાંથી એ તૈયારીનો મૌકો નીકળી જશે.

## ★ મોહતાજીથી પહેલાં માલદારીને ગનીમત જાણો ★

આજે અલ્લાહ તબારક વ તઆલાએ માલ તથા દૌલતથી નવાઝેલ છે અને આપણી પાસે એટલી પૂંજી છે કે આપણે તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરીને આખેરતની તૈયારી કરી શકીએ છીએ તો આપણે એ મોકાને ગનીમત જાણીને પોતાની દૌલતને આખેરતની તૈયારીમાં ખર્ચ કરવી જોઈએ. એ રાહ જોવામાં કે અમુક દિવસો પછી રાહે ખુદામાં ખર્ચ કરીશું, અને મોકો હાથમાંથી જવા દેવો એ મૂર્ખાઈનું

કામ છે. કેમ કે આવતી કાલે આપણો શો હાલ થશે તેની કોઈ ગેરંટી નથી. આજે અલ્લાહ ﷻએ મોક઼ો અર્પણ કર્યો છે અને આપણે આપણી દૌલતથી આપણા માટે આખેરતનો સામાન જમા કરી શકીએ છીએ તો એ મોક઼ો આપણે હાથથી જવા દેવો ન જોઈએ.

### ★ વ્યસ્તતા પહેલાં નવરાશને ગનીમત જાણો ★

જ્યારે કામોનો બોજ ઓછો હોય તે વખતે બેકાર કામોમાં પોત પોતાને વ્યસ્ત રાખવાને બદલે અલ્લાહ તબારક વ તઆલાનો ઝિક્ર તથા ઈબાદતમાં વ્યસ્ત રાખવામાં આવે એ જ બેહતર છે. નહીં તો એક સમય આવે છે કે જ્યારે આપણે બાળબચ્ચાંની જિમ્મેદારીઓ સંભાળવામાં વ્યસ્ત થઈ જઈએ છીએ તો ફુરસદની ઘડીઓ ધીરે ધીરે સમેટાતી જાય છે, એવામાં ઈબાદત તથા બંદગી માટે ભરપુર સમય મયસ્સર થવો મુશ્કેલ બની જાય છે.

### ★ મૌતથી પહેલાં જિંદગીને ગનીમત જાણો ★

જ્યાં સુધી શ્વાસો ચાલી રહ્યા છે ત્યાં સુધી ખુદાના શુક્ર તથા ખુદાના ઝિક્રમાં જિંદગી ગુજરે એનો ખયાલ રાખવો જોઈએ. જો દુનિયામાં નેકીઓ ન કરવામાં આવી તો દુનિયાથી ગયા બાદ પસ્તાવા સિવાય કાંઈ હાથ આવશે નહીં. જે લોકોએ નેકીઓ ભેગી ન કરી તેમને ક઼યામતના દિવસે કેવી રીતે અફસોસ થશે તેનું વર્ણન રબ કુર્આન મુક઼દસમાં આ પ્રમાણે ફર્માવે છે :

يَوْمَئِذٍ يَّتَذَكَّرُ الْاِنْسَانُ وَاَنّٰى لَهُ الذِّكْرٰى ○ يَقُوْلُ يٰلَيْتَنِىْ قَدَّمْتُ لِحَيَاتِىْ ○

"તે દિવસે માણસ વિચારશે, અને હવે તેને વિચારવાનો સમય ક્યાં ? કહેશે, હાય ! કોઈ રીતે મેં જીવતા જીવત નેકી આગળ મોકલી હોત." *(સૂ. ફજ્ર, આ. ૨૪)*

એટલા માટે જિંદગી મળી છે તો તેને કેવળ દુનિયા જમા કરવામાં ખર્ચવી ન જોઈએ, બલ્કે એમાં આપણી આખેરતની તૈયારી પણ કરવી જોઈએ.

## ★ મલઊન (ખુદાની રહમતથી દૂર) ★

"લઅનત"નો મતલબ છે અલ્લાહની રહમતથી દૂર થવું અને જે અલ્લાહની રહમતથી દૂર થઈ જાય તેને "મલઊન" કહેવામાં આવે છે. દુનિયાના બારામાં હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું છે કે એ મલઊન છે અને તેમાં મૌજૂદ અમુક ચીજોના સિવાય સર્વ ચીજો મલઊન છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلدُّنْیَا مَلْعُوْنَةٌ، مَلْعُوْنٌ مَّا فِیْهَا، اِلَّا ذِکْرَ اللّٰهِ، وَمَا وَالَاهُ، اَوْ عَالِمًا، اَوْ مُتَعَلِّمًا۔

"દુનિયા મલઊન છે અને તેમાં મૌજૂદ સર્વ ચીજો મલઊન છે સિવાય અલ્લાહના ઝિક્રના, અને (સિવાય) તે ચીજોના જે અલ્લાહના ઝિક્રથી નજીક કરી આપે, અને આલિમ તથા મુતઅલ્લિમના."

*(સુનને ઈબ્ને માજહ, ૧/૧૩૭૭)*

એટલે કે દુનિયાની ચીજોમાંથી અમુક ચીજો એવી જે મલઊન

નથી. (૧) ઝિક્રે ખુદાવંદી (૨) જે ચીજો ઝિક્રે ઈલાહીથી નજીક કરી દે (૩) આલિમ (૪) તાલિબે ઈલ્મ.

દુનિયાની કઈ ચીજો અપનાવવામાં આવે અને કઈ ચીજોથી પરહેઝ કરવામાં ? તેના સંબંધે આ હદીષે પાક કાઈદએ કુલ્લિયા છે કે **જે ચીજો ખુદાના ઝિક્રથી નજીક કરનારી છે તેને અપનાવવામાં છે અને જે ચીજો ખુદાની ઝિક્રથી દૂર કરનારી છે તેને ત્યજી દેવામાં આવે.** હવે ચાહે કારોબાર હોય કે નોકરી, રૂપિયા પૈસા હોય કે એશ આરામનો કોઈ સામાન, જો નમાઝો તથા જમાઅતોની પાબંદીથી અવરોધરૂપ છે તો એમાં યક્ીનન ! કોઈ રીતની ભલાઈ નથી હોય શકતી. અને જો નમાઝો તથા ઝિક્રે ખુદામાં સહાયક છે તો અપનાવવાને પાત્ર તથા બરકતનો સબબ છે.

## ★ આખેરતની સરખામણીમાં દુનિયાનું દષ્ટાંત ★

આ દુનિયાની ઝાકઝમાળ જેની પાછળ આપણે ભાગી રહ્યા છીએ અને જેના માટે આપણે આપણી આખેરતને ભૂલતા જઈ રહ્યા છીએ. આખેરતની નેઅમતો અને સુખ સગવડોની સરખામણીમાં તેમની હેસિયત શું છે, તેના સંબંધે આ હદીષે પાક જુઓ :

હઝરત મસ્તૂરદ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા :–

مَا مَثَلُ الدُّنْيَا فِي الْاٰخِرَةِ، اِلَّا مَثَلُ مَا يَجْعَلُ اَحَدُكُمْ اِصْبَعَهٗ فِي الْيَمِّ، فَلْيَنْظُرْ بِمَ يَرْجِعُ.

''આખેરતની સરખામણીમાં દુનિયાનું દષ્ટાંત એવું છે જેવી રીતે

કોઈ શખ્સ સમુદ્રમાં પોતાની આંગળી નાખે પછી તેને બહાર કાઢીને જુએ કે તેની સાથે શું પરત આવ્યું. *(સુનને ઈબ્ને માજહ, ૨/૩૭૬)*

એનાથી અનુમાન કરી શકાય છે કે આખેરતની નેઅમતો કેટલા પ્રમાણમાં અધિકતર છે કે એની સરખામણીમાં દુનિયાની નેઅમતો એવી છે જેવી રીતે કોઈ શખ્સ સમુદ્રમાં પોતાની આંગળી નાખે અને પછી તેને બહાર કાઢી લે. સમુદ્ર આખેરતની નેઅમતોનું દષ્ટાંત છે અને આંગળી પર જે પાણી લાગી જાય તે દુનિયાની નેઅમતોનું દષ્ટાંત છે. એનાથી સારી રીતે સમજી શકાય છે કે **આખેરતની તૈયારી છોડીને જો કોઈ શખ્સ દુનિયામાં મગ્ન થઈ જાય તો તે કેટલા અંશે નુકસાનનો સોદો કરનાર છે કે સમુદ્રને છોડીને ટીપાની પાછળ પડેલો છે.**

## ★ દુનિયાથી કેટલા પ્રમાણમાં ફાયદો ઉઠાવીએ ? ★

દુનિયામાં સુખ સગવડના સામાન જે આપવામાં આવેલા છે તે એટલા માટે આપવામાં આવેલ છે કે આપણે આપણી જિંદગી ગુજારવામાં તેમનાથી મદદ હાંસલ કરીએ અને આખેરતની તૈયારીમાં તેનાથી સહૂલતો હાંસલ કરીએ. આ નેમઅતો એટલા માટે નથી આપવામાં આવી કે આપણે તેમની પાછળ પડીને આખેરતની ફિકર છોડી દઈએ. તેને એક દષ્ટાંત થકી આ હદીષે પાકમાં સમજાવવામાં આવેલ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એક ચટાઈ પર સૂઈ ગયા જેનાથી આપના શરીર મુબારકમાં નિશાન પડી ગયાં. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

મારાં મા બાપ આપ પર કુર્બાન ! કેટલું સારું થાત કે આપ અમને હુકમ ફર્માવતા અને અમે આ ચટાઈ પર કાંઈક પાથરી દેતા જેનાથી આપના શરીર મુબારક પર એનાં નિશાન ન પડતાં. એના પર હુઝૂર સૈયદે આ'લમ ﷺએ ફર્માવ્યું :–

مَا اَنَا وَالدُّنْيَا اِنَّمَا اَنَا وَالدُّنْيَا كَرَاكِبٍ اسْتَظَلَّ تَحْتَ شَجَرَةٍ، ثُمَّ رَاحَ وَتَرَكَهَا۔

"દુનિયાથી મારે શો સંબંધ ?! દુનિયાથી મારો સંબંધ બસ એટલો છે જેવી રીતે કોઈ સવાર (વટેમાર્ગુ) કોઈ ઝાડનો છાંયડો અપનાવી લે, પછી તેને છોડીને આગળ વધી જાય." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૩૭૬)*

ઘણા જ અનોખા દષ્ટાંત વડે આ હદીષે પાકમાં સમજાવવામાં આવ્યું છે કે એક મુસાફર કોઈ ઝાડની નીચે તેના છાંયડામાં આરામ કરવાના માટે રોકાય છે તો તેની સાથે દિલ નથી લગાડી બેસતો, બલ્કે જરૂરત પ્રમાણે તેનો છાંયડો ઉપયોગમાં લે છે અને પછી ચાલતી પકડે છે. દુનિયાથી કેવળ જરૂરત પૂરતો સંબંધ રાખવો જ યોગ્ય છે, એનાથી વધુ લગન લગાડવી યોગ્ય નથી.

એ રીતે સમજો કે જિંદગી એક નાવડી છે અને દુનિયવી માલ સામાનો તેના માટે પાણીની જેમ છે. જેવી રીતે પાણીના વિના નાવડી નથી ચાલી શકતી એવી જ રીતે દુનિયવી માલ સામાન વિના જિંદગી પસાર કરવી મુશ્કેલ હોય છે. પણ પાણી જ્યાં સુધી નાવડીની બહાર છે ત્યાં સુધી તેના માટે ફાયદાકારક છે, જેવું તે નાવડીમાં પ્રવેશી જશે તેવું તેને નુકસાન પહોંચાડવાનું શરૂ કરી દેશે. એ જ પ્રમાણે દુનિયવી

માલ સામાનની મહોબ્બત જેવી દિલમાં પ્રવેશી જશે તેવું જ નુકસાન પહોંચાડવાનું શરૂ કરી આપશે.

## ★ હુઝૂર ﷺનો અંદેશો ★

આજે આપણે દુનિયાની મહોબ્બત જે સપડાયેલા છીએ અને તેના માટે જે ચિંતિત છીએ, આ મન્ઝરને સરવરે કાઈનાત ﷺની દૂરથી જોનારી નજરે આજથી ૧૪૦૦ વરસ પહેલાં જ જોઈ લીધો હતો, અને એના બાબતે પહેલેથી જ માહિતગાર કરી આપ્યા હતા. તેની સાથોસાથ તેનાં નુકસાનોના બારામાં પણ આપે ખબર આપી દીધી હતી.

હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنِّی لَسْتُ اَخْشٰی عَلَیْکُمْ اَنْ تُشْرِکُوْا، وَلٰکِنِّیْ اَخْشٰی عَلَیْکُمُ الدُّنْیَا اَنْ تَنَافَسُوْهَا۔

"તમારા બારામાં મને એ અંદેશો નથી કે તમે શિર્ક કરશો, પરંતુ તમારા બારામાં મને એ અંદેશો છે કે તમે દુનિયાની મહોબ્બતમાં પડી જશો." *(સહીહ બુખારી, ૫/૯૪)*

આજે તે મન્ઝર આપણી આંખોની સામે છે. દુનિયાની મહોબ્બત લોકોના દિલોમાં કેટલા પ્રમાણમાં ઘર કરી ચૂકી છે તે આપણે જોઈ રહ્યા છીએ. એક રિવાયતમાં આક઼ાએ કરીમ ﷺએ તેનાં નુકસાનો પર પણ રોશની વેરી છે.

હઝરત અમ્ર ઈબ્ને ઔફ અન્સારી رضی اللہ عنہ વર્ણવે છે કે હુઝૂર

સૈયદે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

وَاللّٰهِ لَا الْفَقْرَ اَخْشٰى عَلَيْكُمْ، وَلٰكِنْ اَخْشٰى عَلَيْكُمْ اَنْ تُبْسَطَ عَلَيْكُمُ الدُّنْيَا كَمَا بُسِطَتْ عَلٰى مَنْ كَانَ قَبْلَكُمْ، فَتَنَافَسُوْهَا كَمَا تَنَافَسُوْهَا وَتُهْلِكَكُمْ كَمَا اَهْلَكَتْهُمْ۔

''ખુદાની કસમ ! મને તમારા બારામાં મોહતાજીનો કોઈ અંદેશો નથી. મને એ વાતનો અંદેશો છે કે તમારી સામે દુનિયા એ રીતે ફેલાવી દેવામાં આવશે જેવી રીતે આગલાઓની સામે ફેલાવી દેવામાં આવી હતી. પછી તમો એની મહોબ્બતમાં એ જ પ્રમાણે પડી જશો જે પ્રમાણે તે લોકો તેની મહોબ્બતમાં પડી ગયા હતા. અને તે તમને એ જ પ્રમાણે હલાક કરી દેશે જેવી રીતે તેણે આગલાઓને તબાહીમાં નાખી દીધા હતા.'' *(સહીહ બુખારી, ૪/૯૬)*

જાણવા મળ્યું કે આપણાથી પહેલાં પણ જે કૌમો તબાહીમાં પડી છે તે દુનિયાની મહોબ્બતના કારણે બર્બાદ થઈ છે. આજે આપણી કૌમ પણ બર્બાદીની અણી પણ છે અને તેના સબબોમાંથી એક ઘણો જ મોટો સબબ દુનિયાની મહોબ્બત જ છે. આપણે દુનિયાની જિંદગીમાં એટલા પ્રમાણમાં મગ્ન થઈ ગયા છીએ કે ન આપણને મરવાનો અંદેશો છે ન આખેરતની ફિકર છે, અને ન તો મૌત તથા આખેરતના માટે તૈયારી કરવાની આપણને કોઈ તૌફીક થાય છે.

## ★ મો'મિનનું કૈદ ખાનુ ★

એક મોમિનના માટે દુનિયાની હૈસિયત શું છે એને આ હદીષે પાકમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી

રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اَلدُّنْيَا سِجْنُ الْمُؤْمِنِ وَجَنَّةُ الْكَافِرِ "દુનિયા મો'મિનનું કૈદખાનુ અને કાફિરની જન્નત છે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૩૭૮)*

આ હદીષે પાકમાં અસલમાં એ નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેણે દુનિયામાં જિંદગી એ રીતે ગુજારવી જોઈએ જેવી રીતે કોઈ કૈદી કેદખાનામાં ગુજારે છે. કેદી જ્યારે કેદખાનામાં હોય છે તો તેને તેમાં જિંદગી પસાર કરવાની પાયાની સહૂલતો મળી જાય તો તેને તે પોતાના માટે પૂરતી સમજે છે એશ આરામનો સામાન કોઈ કેદી કોઈ જેલમાં નથી માગી શકતો. એ જ પ્રમાણે દુનિયામાં મો'મિનનો હાલ એ હોવો જોઈએ કે દુનિયવી જિંદગીમાં જે કાંઈ મળી જાય તેનાથી સંતોષ માનીને પોતાની જિંદગીની ઘડીઓ પસાર કરે અને એ કેદખાનાથી નીકળીને હમેશાંની જન્નત પામવાની ફિકરમાં રહે.

## ★ દુનિયામાં કેવી રીતે રહે ? ★

એક મુસલમાનને એ શોભા નથી આપતુ કે તે દુનિયવી જિંદગીમાં મગ્ન થઈને આખેરતને ભૂલી જાય. બલ્કે તેણે દુનિયવી જિંદગી કેવી રીતે પસાર કરવી જોઈએ એના બારામાં હદીષે પાકમાં હિદાયત મૌજૂદ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે આકાએ કાઈનાત ﷺએ મારા શરીરનો અમુક હિસ્સો પકડીને ઈર્શાદ ફર્માવ્યો :–

يَا عَبْدَ اللهِ كُنْ فِي الدُّنْيَا كَأَنَّكَ غَرِيْبٌ اَوْ كَأَنَّكَ عَابِرُ سَبِيْلٍ، وَعُدَّ نَفْسَكَ مِنْ أَهْلِ الْقُبُوْرِ.

"હે અબ્દુલ્લાહ ! દુનિયામાં એવી રીતે રહો જાણે તમે અજનબી છો અથવા વટેમાર્ગુ અને પોતે પોતાને ક઼બ્રવાળાઓમાં ગણો."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૩૭૮)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ખુદ ઈર્શાદ ફ઼ર્માવતા હતા :

إِذَا أَمْسَيْتَ فَلَا تَنْتَظِرِ الصَّبَاحَ وَإِذَا أَصْبَحْتَ فَلَا تَنْتَظِرِ الْمَسَاءَ وَخُذْ مِنْ صِحَّتِكَ لِمَرَضِكَ وَمِنْ حَيَاتِكَ لِمَوْتِكَ.

"સાંજના સમયે સવારની રાહ ન જુઓ અને સવારના સમયે સાંજની રાહ ન જુઓ. પોતાની તંદુરસ્તીમાંથી પોતાની બીમારીના માટે હિસ્સો નિશ્ચિત કરો અને પોતાની જિંદગીમાંથી પોતાના મૌત માટે હિસ્સો નક્કી કરો." *(સહીહ બુખારી, ૮/૮૯)*

આ બંનેવ હદીષોમાં એ સંબંધે સ્પષ્ટ હિદાયતો મૌજૂદ છે કે દુનિયામાં આપણે જિંદગી કેવી રીતે પસાર કરવી જોઈએ. પ્રથમ હદીષમાં ફ઼ર્માવવામાં આવ્યું કે દુનિયામાં એવી રીતે રહો જાણે કે તમો અજનબી છો અથવા વટેમાર્ગુ હોવ. એનો અર્થ એ થયો કે જેવી રીતે કોઈ અજનબી તે સ્થળથી કાંઈ અધિક દિલ નથી લગાડતો, બસ જરૂરત પૂરતો ત્યાં રહે છે અને પછી પોતાના વતને પહોંચાડવાની ફ઼િકર કરે છે, એ જ પ્રમાણે મુસલમાને દુનિયામાં રહેવું જોઈએ કે તેનાથી દિલ ન લગાડવું જોઈએ બલ્કે જરૂરત પ્રમાણે તેનો ફ઼ાયદો ઉઠાવવો જોઈએ અને પોતાના હક઼ીક઼ી વતનની તરફ઼ પરત થવાની ફ઼િકર કરવી જોઈએ.

અથવા જેવી રીતે કોઈ મુસાફિર જ્યારે ક્યાંક રોકાણ કરે છે તો ત્યાં ટેમ્પરરી વ્યવસ્થાને પોતાના માટે પૂરતી સમજે છે અને કાંઈક વ્યવસ્થાઓ કરવાની હોય છે તો પોતાના હક઼ીક઼ી વતનના માટે કરે છે. એ જ પ્રમાણે મુસલમાનના દિલમાં એ ખયાલ હોવો જોઈએ કે આ દુનિયા કામચલાઉ તથા ટેમ્પરરી રોકાણની જગ્યા છે, જો કાંઈ તૈયારી કરવાની છે તો આપણા હક઼ીક઼ી રહેઠાણ એટલે ક઼બર તથા આખેરતની તૈયારી કરે.

જે કાંઈ નેકીઓ કરવી છે, જેવો મોક઼ો મળી જાય તેને કરી નાખો, એ વિચારો કે આ કામ ફલાણા સમયમાં કરીશ, તો એ સમય આવશે કે નહીં તેની કોઈ જ ગેરંટી નથી. જ્યાં સુધી શારીરિક અંગો કામ કરી રહ્યાં છે, સક્રિયપણે અમલનો ક્રમ ચાલુ રાખવો જોઈએ. એટલા પ્રમાણમાં નેક અમલો કરતા રહેવું જોઈએ કે કાલે જ્યારે અંગો કામ કરવાનું બંધ કરી દે તો અફસોસ તથા શાર્મિંદગી ન થાય કે અમે કાંઈ ન કર્યું ! એ જ પ્રમાણે જ્યાં સુધી શ્વાસ ચાલી રહ્યો છે ત્યાં સુધી આખેરતની ફિકર અને તૈયારી કરતા રહેવું જોઈએ જેથી કાલે દુનિયાથી ગયા બાદ અફસોસમાં હાથ ન ઘસવા પડે.

પાછલા પૃષ્ઠોમાં આપે દુનિયાની હક઼ીક઼ત અને તેમાં જિંદગી ગુજારવાની કેટલીક હિદાયતો જોઈ. હવે મૌતના વિશે પણ અમુક મહત્વની વાતો વર્ણવવામાં આવી રહી છે, કેમ કે ''વહન''ના સબબોમાંથી એક સબબ એ પણ બતાવવામાં આવ્યો છે કે, ''મૌતથી નફરત'' વહનનો સબબ છે.

# મૌતથી નફરત

મૌત એક એવી હક઼ીક઼ત છે જેનો ઈન્કાર દુનિયાની કોઈ ક઼ૌમ નથી કરતી. દરેક શખ્સ એ સ્વીકારે છે કે એક ન એક દિવસે એણે આ નાશવંત દુનિયાથી જવાનું છે. મૃત્યુ બાદના મામલાઓના સંબંધે ભલે લોકોની માન્યતાઓ વિવિધ હોય પરંતું મૃત્યુની હદ સુધી કોઈનો કોઈ મતભેદ નથી. તેમ છતાં આપણી બહુમતી દુનિયાની જિંદગીમાં એવી મશગૂલ છે અને મૌતને આપણે એવી રીતે ભૂલીને બેઠેલા છીએ જાણે આપણે દુનિયાથી કદી જવાનું જ નથી. હદીષે પાકમાં "વહન"ના બે સબબોમાંથી એક સબબ એને પણ બતાવવામાં આવેલ છે કે મૌતથી દિલોમાં નફરત પેદા થઈ જશે. આજે એ જ સ્થિતિ ચો તરફ જોવા મળી રહી છે કે દુનિયાની મહોબ્બત દિલોમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે અને મૌતના નામથી ધૃણા થવા લાગે છે.

## ★ દરેક જાને મૌતનો સ્વાદ ચાખવાનો છે ★

મૌતના વિશે ખુદ ફર્માને ખુદાવંદી છે :

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ

"દરેક જાને મૌત ચાખવાની છે અને તમારા બદલા તો ક઼યામતમાં જ પૂરા મળશે." *(સૂ. આલે ઈમરાન–૧૫૮)*

મૌત એ હક઼ીક઼ત છે કે દુનિયાનો કોઈ પણ શખ્સ ચાહે કાફિર હોય કે ફાજિર ત્યાં સુધી કે નાસ્તિક પણ કેમ ન હોય મૌતને યક઼ીની

માને છે. જો કોઈ મૌત પર શંકા કુશંકા પણ કરે તો તેને મૂર્ખાઓની યાદીમાં મૂકવામાં આવે છે. કેમ કે મહાનથી મહાન ભૌતિક શક્તિઓ અને પૂર્વથી પશ્ચિમ સુધી સ્થપાયેલી સર્વ હુકૂમતો મૌતની સામે આજિઝ તથા લાચાર થઈ જાય છે. મૌત બંદાઓને હલાક કરનારી, બાળકોને યતીમ કરનારી, સ્ત્રીઓને વિધવા બનાવનારી, દુનિયવી જાહેરી સહારાઓને ખત્મ કરનારી, દિલોને કંપાવનારી, આંખોને રડાવનારી, વસ્તીઓને ઉજ્જડ કરનારી, જમાઅતો (ગૃપો)ને વેર વિખેર કરનારી, લિજ્જતોને ખત્મ કરનારી, ઉમ્મીદો પર પાણી ફેરવનારી, જાલિમોને જહન્નમની વાદીઓમાં સળગાવનારી અને મુત્તક઼ીઓને જન્નતના ઉપલા માળાઓ સુધી પહોંચાડનારી ચીજ છે. મૌત ન નાનાઓ પર હેત કરે છે ન મોટાઓની તાઝીમ કરે છે. ન દુનિયવી ચૌધરીઓથી ડરે છે ન બાદશાહોથી તેમના દરબારમાં હાજરી માટે ઈજાઝત લે છે. જ્યારે રબ તઆલાનો હુકમ થાય છે તો સર્વ દુનિયવી અવરોધોને ચીરીને તથા ફાડીને હેતુને હાંસલ કરી લે છે.

મૌત ન નેક સાલેહ લોકો પર રહમ ખાય છે ન જાલિમોને અલ્લાહ તઆલાના માર્ગમાં જેહાદ કરનારાઓને પણ મૌત પોતાના ગળે લગાડી લે છે અને ઘરે બેસનારાઓને પણ નથી છોડતી. આખેરતની હમેશાંની જિંદગીને દુનિયવી ફાની જિંદગી પર અગ્રતા આપનારાઓ પણ મૌતના ખોળામાં સૂઈ જાય છે, અને દુનિયાના દીવાઓને પણ મૌત પોતાનો કોળિયો બનાવી લે છે. મૌત આવ્યા બાદ આંખ જોઈ નથી શકતી, જીભ બોલી નથી શકતી, કાન સાંભળી નથી શકતા, હાથ પગો કામ નથી કરી શકતા. મૌત નામ છે રૂહનો શરીરથી

સંબંધ ખત્મ થવાનું અને માણસનું નાશવંત ઘરથી હમેશાંના ઘરની તરફ કૂચ કરવાનું. મૌત પર ઈન્સાનના અમલોનું રજીસ્ટર બંધ કરી દેવામાં આવે છે, મૌત પર તૌબાનો દરવાજો બંધ અને બદલા તથા સજાનો સમય શરૂ થઈ જાય છે.

આપણે દરરોજ દર કલાકે બલ્કે દરેક પળે આપણા મૌતની નજીક જઈ રહ્યા છીએ. વરસ, મહિનાઓ અને દિવસ પસાર થવા પર આપણે કહીએ છીએ કે અમારી ઉમર આટલી થઈ ગઈ, પરંતુ હક઼ીક઼ત એ છે કે એ દિવસો આપણી જિંદગીમાંથી ઘટી ગયા.

## ★ મૌતથી છૂટકારો નથી ! ★

માણસ ચાહે જેટલા પ્રમાણમાં જતન કરી લે તેને મૌતથી કદાપિ છૂટકારો નથી મળી શકતો. જ્યારે મૃત્યુનો સમય આવી જશે તો તેને આ દુનિયાથી જવું જ પડશે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :

اَيْنَ مَا تَكُوْنُوْا يُدْرِكْكُّمُ الْمَوْتُ وَلَوْ كُنْتُمْ فِيْ بُرُوْجٍ مُّشَيَّدَةٍ ۔

"તમે જ્યાં કયાંય પણ હોવ મૌત તમને પકડી લેશે, ભલે ને મજબૂત કિલ્લાઓમાં હોવ." *(સૂ. નિસાઅ, આ. ૭૮)*

આ આયતમાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવી દેવામાં આવ્યું કે ચાહે કોઈ લાખ કોશિશ કરી લે તેને મૌતથી છૂટકારો મળવાનો નથી. જો કોઈ શખ્સ પોતે પોતાને મજબૂત કિલ્લામાં પણ બંધ કરી લે તો પણ મૌતથી બચી નથી શકતો.

આ સર્વ વાસ્તવિકતાઓની સાથે એ પણ હક઼ીક઼ત છે કે મૌતનું આવવું જેટલા પ્રમાણમાં યક઼ીની છે એટલા જ પ્રમાણમાં લોકો એનાથી

ગફલતના શિકાર છે. દરેક એવું જાણે છે કે આવનારો સમય એના માટે મૌતનો પયગામ લાવી શકે છે, પરંતું તેમ છતાં કોઈ તેના માટે તૈયારી નથી કરતું. દુનિયાની રંગીનીઓ અને તેની હસીન રાતો તથા દિવસોમાં લોકો એ રીતે ગુમ છે જાણે એમની નજીક મૌતની કોઈ કલ્પના જ નથી, ન તેમને કદી મૌત યાદ આવે છે અને ન તો કદી તેની ચર્ચા કરે છે.

## ★ મૌત તથા જિંદગીનું સર્જન કેમ થયું ? ★

માણસ પહેલાં અનઅસ્તિત્વ હોય છે, પછી અલ્લાહ તબારક વ તઆલા તેને અસ્તિત્વ અર્પે છે અને પછી એક અરસા સુધી દુનિયામાં જીવતો રાખ્યા બાદ તેને મૌતના માર્ગે ચલાવે છે, જેને પાર કરીને તે આખેરતની મંઝિલે મક્સૂદ સુધી પહોંચે છે. મૌત તથા હયાતના સર્જનનો હેતુ અલ્લાહ તબારક વ તઆલાએ આયતે કરીમામાં વર્ણવ્યો છે :

الَّذِیۡ خَلَقَ الۡمَوۡتَ وَالۡحَیٰوۃَ لِیَبۡلُوَکُمۡ اَیُّکُمۡ اَحۡسَنُ عَمَلًا ؕ

"તે જેણે મૌત તથા જિંદગી પેદા કરી કે તમારી જાંચ થાય કે તમારામાં થી કોનું કામ સારુ છે." *(સૂ. મુલ્ક, આ.૨)*

મૌત તથા જિંદગીનો ક્રમ કાયમ કરનાર અલ્લાહ તઆલા છે. તેના જ હુકમથી દરેક ચીજ અસ્તિત્વમાં આવી છે અને તેના જ હુકમથી નેસ્તો નાબૂદ થાય છે. કોઈ ચીજ ન આપોઆપ અસ્તિત્વમાં આવી શકે છે અને ન તો આપોઆપ અનઅસ્તિત્વ થઈ શકે છે. સાથે જ તેની હિકમત પણ વર્ણવી આપી કે એનાથી હેતુ તમારી કસૌટી કરવાનો છે કે અમે સાંભળવા તથા જોવાની શક્તિ તથા દુરંદેશીની જે

ભરપુર કાબેલિયતો તમને આપી છે, વળી આ જ સૃષ્ટિની વ્યવસ્થામાં તમને આ'લા તથા ઉચ્ચ મક઼ામ અર્પણ કર્યો છે અને તમારા માર્ગદર્શન માટે નબીઓ તથા રસૂલોને મોકલ્યા છે. જોવાનું એ છે કે આ નેઅમતોની તમો ક઼દર કરો છો અને એ શક્તિઓને પોતાની ખુશીથી અલ્લાહને રાજી કરવાના માટે ખર્ચ કરો છો કે પછી દૌલત તથા સત્તા, જવાની તથા તંદુરસ્તીનો નશો તમને બદ મસ્ત કરી દે છે અને તમે અલ્લાહ તઆલાની નાફર્માનીમાં પોતાની શક્તિઓ તથા પોતાનો કિંમતી સમય ખર્ચ કરો છો.

## ★ મૌતને યાદ રાખવું જોઈએ ★

મૌતથી ગાફેલ થવું વિવિધ પ્રકારની બુરાઈઓને જન્મ આપે છે. એટલા માટે કુર્આન તથા હદીષમાં મૌતના બારામાં વારંવાર રિમાઈન્ડર કરવામાં આવેલ છે. એના સંબંધે એક રિવાયત જુઓ :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : اَكْثِرُوْا ذِكْرَ هَادِمِ اللَّذَّاتِ يَعْنِي الْمَوْتَ۔

''લિજ્જતનોને તોડનારી ચીજ એટલે મૌતને કષરતથી (ખૂબ જ પ્રમાણમાં) યાદ કરો.'' *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૪૨૨)*

એ જ પ્રમાણે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اَكْثِرُوْا ذِكْرَ هَادِمِ اللَّذَّاتِ فَإِنَّهُ مَا ذَكَرَهُ اَحَدٌ فِي ضِيْقٍ مِّنَ الْعَيْشِ اِلَّا وَسَّعَهُ عَلَيْهِ وَلَا فِي سَعَةٍ اِلَّا ضَيَّقَهُ عَلَيْهِ۔

"લિજ્જતોને તોડનારી ચીજ (મૌત)ને ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કરો. કેમ કે જો કોઈ શખ્સ તંગીવાળી જિંદગીમાં તેને યાદ કરે છે તો તે તેની જિંદગીમાં રાહત પેદા કરી આપે છે અને જો કોઈ રાહતમાં યાદ કરે છે તો તેના પર તંગી પેદા કરી આપે છે."

*(શરહુસ્સુદૂમ બશરહે હાલલ્ મૌતા વલ્ કુબૂર, પેજ–૨૬)*

આ હદીષે પાકનો મતલબ એ છે કે જો માણસ તંગી તથા ગરીબીના સમયમાં મૌતને યાદ કરશે તો તેને મૌતની સખ્તીઓ તથા મૌત બાદના મામલાઓ યાદ આવશે જેના કારણે તે દુનિયવી મુસીબતોને મામૂલી સમજશે, અને તેનો એ એહસાસ કે હાલની પરેશાની આખેરતની પરેશાનીઓની સરખામણીમાં ઘણી જ આસાન છે, એના માટે રાહતનો સબબ બનશે. અને જ્યારે તે ખુશહાલીમાં મૌતને યાદ કરશે તો હવે એ અંદેશો નહીં રહે કે ખુશહાલીમાં તે ગુમ થઈને આખેરતથી ગાફિલ થઈ જશે અને ગુનાહોમાં સપડાય જશે, બલ્કે મૌતની કઠણાઈઓને યાદ કરીને તે ખુશહાલી તથા રાહતના સમયમાં તંગી મેહસૂસ કરશે જે એના માટે આખેરતનો બેહતરીન સરમાયો સાબિત થશે. સારાંશ કે મૌતની ચર્ચા દરેક વખતે ફાયદામંદ જ છે, ચાહે ખુશહાલીમાં હોય કે તંગદસ્તીમાં હોય.

## ★ સૌથી બુધ્ધિશાળી મુસલમાન ★

એટલા માટે મૌતને અધિક યાદ કરનાર મા'મિનને સૌથી બુધ્ધિશાળી મો'મિન કહેવામાં આવેલ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને સવાલ કરવામાં આવ્યો, કયો મો'મિન સૌથી વધુ બુધ્ધિશાળી છે ? ફર્માવ્યું :

اَکْثَرُهُمْ لِلْمَوْتِ ذِکْرًا وَّاَحْسَنُهُمْ لِمَا بَعْدَهٗ اسْتِعْدَادًا اُولٰٓئِكَ الْاَکْیَاسُ۔

"મૌતને સૌથી વધુ યાદ કરનારા અને મૃત્યુ બાદના માટે સૌથી અધિક તૈયારી કરનારા, એ જ લોકો વધુ બુધ્ધિવાન છે."

*(શરહુસ્સુદૂર બિશરહે હાલિલ્મૌતા વલ્કુબૂર, પેજ–૨૬)*

કેમ કે તેમને ખબર છે કે દુનિયામાં થોડાક દિવસો માટે આવ્યા છીએ અને એક ન એક દિવસે મૌતના પુલથી પસાર થઈને આખેરતની સફર કરવાની છે. જ્યારે આખરી મંઝિલ કબ્ર જ છે તો તેની તૈયારીની ફિકર દરેક સમયે હોવી જોઈએ અને દુનિયાની જિંદગી જ્યારે થોડા દિવસોની છે તો એમાં ખોવાય જવું બુધ્ધિની વિરૂધ્ધ છે.

## ★ શહીદોની સાથે હશ્ર થશે ★

શહીદ તેને કહે છે જે રાહે ખુદામાં પોતાનુ માથુ કપાવી નાખે. એની ફઝીલત માટે એટલુ જ પૂરતુ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેના લોહીના ટીપાને જમીન પર પડતાં પહેલાં તેના ગુનાહો માફ કરી આપે છે. કેટલાક લોકો એવા છે જેમનો હશ્ર શહીદોની સાથે થશે. જેવું કે એક રિવાયતમાં છે :

رُوِیَ اَنَّهٗ قِیْلَ یَا رَسُوْلَ اللّٰهِ هَلْ یُحْشَرُ مَعَ الشُّهَدَآءِ اَحَدٌ قَالَ نَعَمْ مَنْ یَّذْکُرُ الْمَوْتَ فِی الْیَوْمِ وَاللَّیْلَةِ عِشْرِیْنَ مَرَّةً۔

"રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતે આલીમાં અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ શું શહીદોની સાથે પણ કોઈનો હશ્ર થશે ? આપે ફર્માવ્યું, હા ! **જે શખ્સ રાત તથા**

**દિવસમાં મૌતને વીસ વખત યાદ કરે તેનો હશ્ર શહીદોની સાથે થશે.**

## ★ મૌતને યાદ કરવાના ફાયદા ★

મૌતને યાદ કરવાના બારામાં આટલા પ્રમાણમાં તાકીદ એટલા માટે કરવામાં આવી છે કે તેના આધારે મુસલમાન બંદાને અગણિત ફાયદા હાંસલ થાય છે. મુફસ્સિરે શહીર હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે કે અમુક ઉલમાથી નક઼લ થયેલ છે કે જે શખ્સ મૌતને કષરતથી (ખૂબ જ પ્રમાણમાં) યાદ રાખે તેને અલ્લાહ તબારક વ તઆલા ત્રણ વાતોની તૌફીક અતા કરે છે.

**(૦૧) તૌબામાં જલ્દી** : જો તેનાથી કોઈ ગુનોહ થઈ જાય તો તે જલ્દીથી જલ્દી તૌબા કરીને ગુનાહ માફ કરાવવાની કોશિશ કરે છે કે ક્યાંક તૌબા વિના મૌત ન આવી જાય.

**(૦૨) ક઼નાઅત (થોડામાં રાજી) પસંદ દિલ** : મૌતને યાદ રાખનાર લોભ લાલચમાં નથી પડતો બલ્કે જે કાંઈ તેને મયસ્સર થાય છે તેના પર રાજી રહે છે અને આ કનાઅત (થોડામાં સંતોષ) તેને માનસિક શાંતિ તથા દિલી રાહત અર્પણ કરે છે, કેમ કે તે એવો ખયાલ કરે છે કે આ ટૂંકી સરખી જિંદગી જે રીતે પણ પસાર થઈ જાય પસાર કરી લઈએ, વધારેની ફિકર નિરર્થક રહેશે.

**(૦૩) ઈબાદતમાં એકગ્રતા** : મૌતને દિમાગમાં રાખીને જ્યારે ઈબાદત કરવામાં આવે છે તો સંપૂર્ણ દિલ લગાડીને પૂરી

એકાગ્રતા સાથે ઈબાદત થાય છે. કેમ કે એવી કૈફિયતની સાથે નમાઝ પઢનાર હમેશાં એ ખતરો મેહસૂસ કરે છે કે ખબર નહીં ફરી ઈબાદતનો મોક઼ૌ મળે કે ન મળે, જેથી હમણા તેને જેટલી સારી બનાવી લઈએ એ ગનીમત છે. તેમજ તેને ઈબાદત પર મળનારા આખેરતના મહાન બદલાના વિશે કામિલ યક઼ીન હોય છે, જેના આધારે તેને ઈબાદતમાં કૈફ તથા સુરૂર (ખુશી) નસીબ થાય છે.

### ★ મૌતના ઉલ્લેખથી બેધ્યાનપણાનાં નુકસાનો ★

**(૦૧) તૌબામાં ટાળમટોળ** : એટલે જો તેનાથી કોઈ ગુનોહ થઈ જાય તો તૌબા કરવામાં ટાળમટોળ કરતો રહે છે અને ઈસ્તિગફારમાં જલ્દી નથી કરતો અને કેટલીક વાર એ જ હાલતમાં તેનું મૃત્યુ થઈ જાય છે.

**(૦૨) લાલચનું વધી જવું** : જ્યારે મૌતની યાદ નથી રહેતી તો માણસની હવસ વધી જાય છે અને જરૂર જેટલી રોજી પર રાજી નથી રહેતો, બલ્કે هَلْ مِنْ مَّزِيْدٍનો નારો લગાડવા માંડે છે. મૌતથી ગફલતના લીધે મનસૂબાઓ પર મનસૂબા બનાવતો ચાલ્યો જાય છે જેનો અંજામ એ નીકળે છે કે આરઝૂઓ રહી જાય છે અને મૌત આવીને જિંદગીનો ક્રમ ખત્મ કરી દે છે.

**(૦૩) ઈબાદતમાં સુસ્તી કરવી** : જ્યારે માણસ મૌતથી ગાફિલ રહે છે તો ઈબાદત કરવામાં કુદરતી તૌર પર (સ્વભાવિકપણે)

સુસ્તી જાહેર થાય છે, ખુશી અદશ્ય થઈ જાય છે. પ્રથમ તો ઈબાદત કરતો જ નથી અને કરે પણ છે તો તે તબીઅત પર ખૂબ જ અઘરી લાગે છે. આ ભારે પડવું કેવળ એના કારણે છે કે માણસને એ યાદ જ નથી રહેતુ કે આપણને મૃત્યુ બાદ આ જિમ્મેદારીઓના બારામાં સવાલ કરવામાં આવનાર છે. જો ખુદા નખ્વાસ્તા ત્યાં રઝાએ ખુદાવંદીના પ્રમાણે જવાબ ન થયો તો એવી બેઈજ્જતી થશે જેની સરખામણીમાં દુનિયાની સર્વ બેઈજ્જતીઓ તથા અપમાનો તુચ્છ છે.

*(શરહુસ્સુદૂરમાંથી ટૂંકાવીને, પેજ–૨૬)*

## ★ મૌતથી નફરત કેમ પેદા થાય છે ?! ★

એ હકીકત છે કે જે શખ્સ માલ તથા દૌલત જમા કરીને રાખે છે તેના દિલમાં આપોઆપ મૌતથી નફરત પેદા થવા લાગે છે. તે માલ તથા દૌલત જમા કરવા અને તેના ફાયદા ઉઠાવવાને જ જિંદગીનો હેતુ સમજવા લાગે છે. તેની સરખામણીમાં જે શખ્સ માલ તથા દૌલતને નેકીનાં કામોમાં ખર્ચ કરે છે અને તેને આખેરતનો તોશો (ભાથુ) બનાવીને આગળ મોકલી દે છે તો તેના દિલમાં મૌતથી મહોબ્બત પેદા થઈ જાય છે. એટલા માટે કે તેને માલૂમ છે કે તેણે આખેરતના માટે જે સરમાયો મોકલ્યો છે તેનાથી ફાયદો તે મૃત્યુ બાદ જ પામી શકે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ નબીયે રહમત ﷺની ખિદમતે આલિયામાં હાજર થયા અને કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ શું કારણ છે કે મને મૌતથી

ખૂબ જ નફરત છે ? આપે ફર્માવ્યું, શું તમારી પાસે માલો દૌલત છે? તેમણે અર્ઝ કરી, હા છે ! આપે ફર્માવ્યું :

قَدِّمْهُ فَاِنَّ قَلْبَ الْمُؤْمِنِ مَعَ مَالِهٖ اِنْ قَدَّمَهٗ اَحَبَّ اَنْ يَّلْحَقَ بِهٖ وَاِنْ أَخَّرَهٗ اَحَبَّ اَنْ يَّتَأَخَّرَ مَعَهٗ۔

"તેને સદકો કરી દો, કેમ કે મુસલમાનનું દિલ તેના માલની સાથે હોય છે. જો તે તેને આગળ મોકલી આપે તો દિલમાં ખ્વાહિશ પેદા થાય છે કે તે તેને જઈને મળે. અને જો પાછળ છોડે છે તો તેને ખ્વાહિશ થાય છે કે તેની સાથે પાછળ જ રહી જાય."

*(શરહુસ્સુદૂર, પેજ–૨૬)*

જાણવા મળ્યું કે જો દિલમાં મૌતની મહોબ્બત છે તો સમજી લેવું જોઈએ કે માલ તથા દૌલતની મહોબ્બતથી દિલ પાક તથા સાફ છે અને જો દિલમાં મૌતથી નફરત છે તો સમજી લેવું જોઈએ કે દિલમાં માલ તથા દૌલતની મહોબ્બત વસેલી છે.

## ★ સૌથી મહાન વાઈઝ ★

જેના પર કોઈની નસીહત અસર ન કરતી હોય તેણે જોઈએ કે મૌતને ખૂબ જ પ્રમાણમાં યાદ કરવાનું શરૂ કરી આપે, ત્યારબાદ આપોઆપ જ તેનું દિલ પીગળવાનું શરૂ થઈ જશે, અને તેને પોતાની આખેરત સમારવાની ચિંતા થવા લાગશે.

હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર સૈયદે કૌનેન صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : كَفٰى بِالْمَوْتِ وَاعِظًا "મૌત સૌથી મોટો વાઈઝ છે." *(શરહુસ્સુદૂર, પેજ–૨૭)*

જ્યારે માણસ બેરાહરવી (આવારગી)નો શિકાર થાય છે તો નસીહત કરનારાઓની નસીહત તેના પર અસર નથી કરતી. તો એક જ નાસેહ છે જેની નસીહત અસરકારક સાબિત થઈ શકે છે અને તે છે મોતની યાદ ! જ્યારે મૌતનો ખયાલ દિલમાં પેદા થાય છે તો આવારાપણાની સર્વ મજાઓ ખત્મ થઈ જાય છે અને માણસના દિલમાં આખેરતનો ખયાલ અને તેની તૈયારીની ફિકર પેદા થવા માંડે છે. એટલા માટે મૌતને સૌથી મોટો વાઈઝ ગણવામાં આવે છે.

હઝરત ઈબ્ને અબી દુન્યાએ રિવાયત કરી છે કે હઝરત ઈમામ તયમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : બે ચીજોએ દુનિયાની મજાને મારા દિલથી ખત્મ કરી નાખી : (૧) મૌતનો ઝિક્ર અને (૨) અલ્લાહ તબારક વ તઆલાની સામે ઉભા થવાનો ડર. *(શરહુસ્સુદૂર, પેજ–૨૭)*

## ★ દુનિયાથી લાલચહિન કરનાર ★

દુનિયાની મહોબ્બત અનેક બુરાઈઓની જડ છે અને એનાથી નજાતનો ઝરીયો એ જ છે કે દિલમાં મૌતની મહોબ્બત હોય. જો દુનિયાની મહોબ્બત અને મૌતથી નફરત કોઈના દિલમાં એક સાથે મૌજૂદ હોય તો તે તબાહીની અણીએ પહોંચી જાય છે. દુનિયાથી પોતાના દિલને મોહમુક્ત કરવાનો આસાન ઝરીયો એ જ છે કે વારંવાર મૌતને યાદ કરવામાં આવે અને તેના માટેની તૈયારીની કોશિશ કરવામાં આવે.

હઝરત રબીઅ બિન અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કૌનેન صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

كَفٰى بِذِكْرِ الْمَوْتِ مُزَهِّدًا فِى الدُّنْيَا، مُرَغِّبًا فِى الْاٰخِرَةِ۔

''દુનિયાથી સૌથી અધિક નિર્મોહી (લાલચમુક્ત) કરનાર અને આખેરત તરફ સૌથી અધિક આકર્ષનાર મૌતને યાદ કરવું છે.''

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૩/૧૩૫)*

એટલે કે જો કોઈ શખ્સ દુનિયાથી મોહમુક્ત અને આખેરત તરફ વળવા ચાહે છે તો તેણે જોઈએ કે મૌતને ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કર્યા કરે. એનાથી એના દિલમાં એ ખયાલ બેસેલો રહેશે કે દુનિયા દિલ લગાડવાની ચીજ નથી, કેમ કે એક ન એક દિવસે અહીંથી રુખસદ થવાનું છે અને તેની સાથોસાથ તેને આખેરતની તૈયારી કરવાની ફિકર થશે કેમ કે ત્યાં હમેશાં રહેવાનું છે.

## ★ દિલ કાટમય બને છે ★

જેવી રીતે લોખંડને કાટ લાગે છે એવી જ રીતે ગુનાહોના મેલ કચરાથી દિલ પણ કાટમય બની જાય છે. હદીષે પાકમાં એ કાટવાળા દિલની સફાઈનો તરીક઼ો બતાવવામાં આવ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما વર્ણવે છે :

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: اِنَّ هٰذِهِ الْقُلُوْبَ تَصْدَأُ كَمَا يَصْدَأُ الْحَدِيْدُ اِذَا أَصَابَهُ الْمَاءُ۔ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ وَمَا جِلَاؤُهَا؟ قَالَ: كَثْرَةُ ذِكْرِ الْمَوْتِ وَتِلَاوَةِ الْقُرْاٰنِ۔

''રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જેવી રીતે પાણી લાગવાથી લોખંડ કાટમય બની જાય છે એવી જ રીતે (ગુનાહોના

સબબથી) દિલ પણ કાટમય બની જાય છે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ તેની સફાઈ કેવી રીતે થશે ? ફર્માવ્યું, મૌતને કષરતથી (ખૂબ જ અધિક પ્રમાણમાં) યાદ કરવાથી અને કષરતથી કુર્આનની તિલાવત કરવાથી.'' *(મિશ્કાત, પેજ : ૬૬૬)*

એક રિવાયત હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી છે કે આક઼ાએ કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે મો'મિન બંદો ગુનોહ કરે છે તો તેના દિલ પર એક કાળુ ટપકુ પડી જાય છે. જો તૌબા તથા ઈસ્તિગફાર કરી લે તો દિલથી તે નુક્તો (ટપકુ) નષ્ટ થઈ જાય છે, અને જો ગુનાહ કર્યે જ જાય તો તે કાળા ધબ્બામાં વધારો થતો જાય છે. આ તે જ *"رَانَ"* છે જેના બારામાં કુર્આનમાં ફર્માવવામાં આવ્યું : كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ''કોઈ નહીં બલ્કે તેમનાં દિલો પર કાટ ચઢાવી દીધો છે તેમની કમાઈઓએ.''

*(સૂ. મુતફ્ફીન, આ. ૧૪) –(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૭૨૪)*

આ બંનેવ રિવાયતોથી જાણવા મળ્યું કે જ્યારે દિલ ગુનાહોની પ્રતિ આકર્ષિત થાય છે તો ધીરે ધીરે કાટમય થવા માંડે છે. પછી પછી તેને ચમકાવવું હોય તો મૌતને ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કરવું પડશે જેથી દિલ ઈબાદતની તરફ વળે અને તેની સાથોસાથ ખૂબ જ પ્રમાણમાં કુર્આન મુક઼દ્દસની તિલાવત કરવી પડશે. હક઼ીક઼તમાં મૌતનું ઝિક્ર ગુનાહો તથા દુનિયાની મહોબ્બતથી નિર્મોહી કરશે અને તિલાવતે કુર્આનની અધિક્તા એમાં નૂરાનિયત તથા રૂહાનિયત પેદા કરશે.

## ★ મૌત સૌના માટે બેહતર છે ★

મો'મિનની શાન એ છે કે તેનું દિલ મૌતથી નફરત નથી કરતું બલ્કે એના દિલમાં મૌતની મહોબ્બત હોય છે. એનું એક મોટુ કારણ છે કે જે હદીષે પાકમાં વર્ણન થયેલ છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, માણસ ચાહે નેકોકાર હોય કે બદ્કાર, મૌત એના માટે બેહતર છે. જો નેકોકાર છે તો તેના માટે અલ્લાહ તઆલા ફર્માવે છે : وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ لِّلْاَبْرَارِ (અને જે અલ્લાહની પાસે છે તે નેકોના માટે સૌથી સારું. *–સૂ. આલે ઈમરાન, ૩/૧૯૮*) અને જો બદ્કાર છે તો એટલા માટે કે અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْا اِثْمًا۔

(અને કદાપિ કાફિર એ ગુમાનમાં ન રહે કે એ જે અમે તેમને ઢીલ આપીએ છીએ કાંઈક એમના માટે ભલુ છે, અમે તો એટલા માટે એમને ઢીલ આપીએ છીએ કે અધિક ગુનાહમાં વધે. *–સૂ. આલે ઈમરાન, ૩/૧૭૮) –(મોઅજમે કબીર, ૯/૧૫૧)*

આ રિવાયતથી જાણવા મળ્યું કે મૌત કોઈ રીતે નુકસાનકર્તા નથી. જો મો'મિન બંદો છે તો તેને મૌત તે ઈનામો તથા ઈકરામોથી મિલાવનારી છે જે અલ્લાહ તબારક વ તઆલાએ એના માટે તૈયાર રાખેલાં છે, અને જો બદ્કાર છે તો મૌત તેને જલ્દીથી જલ્દી કુકર્મોથી

છૂટકારો આપશે, નહીં તો જ્યાં સુધી શ્વાસો ચાલુ હશે તેના ગુનાહોમાં વધારો થતો રહેશે.

### ★ શું તમે જન્નતને પ્રિય રાખો છો ? ★

આપણો એ અક઼ીદો છે કે અલ્લાહ તબારક વ તઆલાએ મુસલમાનના માટે જન્નત તૈયાર ફર્માવેલ છે. દુનિયાથી રૂખસદ થયા બાદ મો'મિનનું ઠેકાણુ જન્નત હશે. જો નેકોકાર છે તો તેની નેકીઓના બદલે તેને જન્નતમાં ઠેકાણુ અતા કરવામાં આવશે, અને જો બદ્કાર છે તો અલ્લાહ પોતાના ફઝલો કરમથી અથવા હુઝૂર રહમતે આલમ ﷺની શફાઅતથી માફ કરીને અથવા તો તેના ગુનાહોની સજા આપીને તેને ગુનાહોથી પાક કરીને જન્નતમાં દાખલ કરશે. દરેક મો'મિનને જન્નતમાં જવાની ખ્વાહિશ હોય છે અને દરેક જણને જન્નત પ્રિય હોય છે, પરંતુ જન્નતમાં એ ચીજ પહોંચાડશે તે મૌત છે.

હઝરત ઈબ્ને ષૌબાન વર્ણવે છે :–

حَدَّثَنِي مَنْ سَمِعَ أَبَا عَبْدِ رَبِّ يَقُوْلُ لِمَكْحُوْلٍ: يَا أَبَا عَبْدِ اللهِ، أَتُحِبُّ الْجَنَّةَ؟ قَالَ: وَمَنْ لَّا يُحِبُّ الْجَنَّةَ؟ قَالَ: فَأَحِبَّ الْمَوْتَ، فَإِنَّكَ لَنْ تَرَى الْجَنَّةَ حَتّٰى تَمُوْتَ۔

''અબૂ અબ્દુર્રબે હઝરત મકહૂલથી કહ્યું, હે અબૂ અબ્દુલ્લાહ ! શું તમે જન્નતથી મહોબ્બત કરો છો ? તેમણે કહ્યું, જન્નતથી કોણ મહોબ્બત કરશે નહીં ? એના પર તેમણે કહ્યું કે તો તમે મૌતથી મહોબ્બત કરો, એટલા માટે કે જ્યાં સુધી મૌત નથી આવતુ ત્યાં સુધી તમે જન્નત જોઈ નથી શકતા. *(હિલ્યતુલ્ અવલિયા, ૫/૧૭૭)*

ખરેખર જન્નત મૃત્યુ બાદ જ મળનારી છે. એટલા માટે જે જન્નતનો ખ્વાહિશમંદ છે તે મૌતથી કદી પણ નફરત નથી કરી શકતો, બલ્કે તે મૌતને પ્રિય રાખશે કેમ કે મૌત તેને મંઝિલે મક઼સૂદ (જન્નત) સુધી પહોંચાડનારી છે.

### ★ દુનિયામાં મુસલમાનનું દષ્ટાંત ★

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "બુશ્રલ કઈબ બિ લિક઼ાઈલ હ઼બીબ"માં એક રિવાયત નકલ કરી છે જેમાં દુનિયામાં મો'મિનનું દષ્ટાંત ઘણા જ અનોખા અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે.

સુલૈમ ઈબ્ને આમિર હબ્બારીથી મરફૂઅન્ રિવાયત થયેલ છે કે દુનિયામાં મો'મિનનું ઉદાહરણ એવું છે જેવી રીતે બાળક માના પેટમાં હોય છે કે જ્યારે તે માના પેટથી નીકળે છે તો નીકળવા પર રડે છે. પછી જ્યારે તે રોશની જોઈ લે છે અને દૂધ પી લે છે તો પોતાની જગાએ બીજીવાર પરત જવાનું પસંદ નથી કરતો. એ જ પ્રમાણે મો'મિન મૌતથી ભયભીત થાય છે, પછી જ્યારે તે પોતાના રબની પાસે જાય છે તો એ જ પ્રમાણે પરત મોકલવામાં આવવાનું પસંદ કરે છે જેવી રીતે પેદા થનારુ બાળક માના પેટની તરફ પરત કરી દેવાનું પસંદ કરે છે. *(પેજ : ૧૯)*

આ રિવાયતમાં ઘણા જ અનોખા અંદાજમાં મુસલમાનના માટે દુનિયાનું ઉદાહરણ રજૂ કરવામાં આવેલ છે. એક મો'મિનને એ વાત પર યક઼ીન હોવું હોવું જોઈએ કે મૃત્યુ બાદ તેને રબનો દીદાર નસીબ થશે અને જન્નતની નેઅમતોથી તેને માલામાલ કરવામાં આવશે.

જ્યારે આ ખયાલ દિમાગમાં બેઠેલો હશે તો મૌતથી કદી પણ નફરત થશે નહીં, બલ્કે મૌતને પોતાના માટે ગનીમત અને વર્ણવેલ નેઅમતોની પ્રાપ્તિનો ઝરીયો સમજશે.

## ★ મો'મિનને મૃત્યુ વખતે કરામતથી નવાઝવામાં આવે છે ★

જે સફરની શરૂઆત ઈજ્જત તથા સન્માનની સાથે થાય અને જે સફર મહેબૂબથી મુલાકાતનો ઝરીયો હોય, યક઼ીનન ! એ સફરથી કોઈ માણસ ગભરાતો નથી. મો'મિનના માટે મૌત એવો જ સફર છે.

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, મુસલમાન બંદાનો જ્યારે આ દુનિયાથી રુખસદ થવાનો અને આખેરતની તરફ ધ્યાનિત થવાનો સમય થાય છે તો આસ્માનથી સ્વચ્છ ચહેરાવાળા ફરિશ્તા ઉતરે છે, જાણે કે તેમના ચહેરા સૂરજની જેમ છે. તેઓ જન્નતી લિબાસ તથા જન્નતી ખુશ્બુ લઈને એક ક્ષણના માટે તેની પાસે બેસે છે. પછી મલકુલ મૌત આવે છે અને તેના સિરહાને બેસીને કહે છે :

اَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ اخْرُجِيْ اِلٰى مَغْفِرَةٍ مِّنَ اللّٰهِ وَرِضْوَانٍ۔

"હે સંતુષ્ઠ નફ્સ ! અલ્લાહની મગફેરત તથા રઝામંદીની તરફ નીકળ !" *(સૂ. ફજર, ૮૯/૨૭,૨૮)* પછી તેની રૂહ એ રીતે નીકળે છે જેવી રીતે પાણીના વાસણથી પાણીનાં ટીપાં નીકળે છે.

જ્યારે રૂહ કાઢી લે છે તો તેને જન્નતી લિબાસ અને ખુશ્બુમાં રાખી લે છે અને તેને લઈને નીકળે છે તો એવું લાગે છે જેમ કે મુશ્કની

ખુશ્બુથી પૃથ્વીનું પટ મહેકી રહ્યું છે. પછી તેને આસ્માન પર લઈ જાય છે અને ફરિશ્તાઓની જમાઅતો પાસેથી પસાર થાય છે તો દરેક જમાઅત પૂછે છે કે આ કોની પવિત્ર રૂહ છે ? તેઓ કહે છે, આ રૂહ ફલાણાના પુત્ર ફલાણાની છે. તેનું નામ ખૂબ જ બેહતરીન તરીક઼ાથી લે છે જે નામથી તેને દુનિયામાં પુકારવામાં આવતો હતો, ત્યાં સુધી કે સાતમા આસ્માન સુધી પહોંચી જાય છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : એના આમાલનામાને ઈલ્લીયીનમાં લખો અને તેની રૂહ તેના શરીરમાં રાખી દો. ફરી બે ફરિશ્તા આવે છે, તેને બેસાડે છે અને તેને ક઼બ્રમાં સવાલ કરે છે. તે સવાલોના સાચા જવાબો આપશે. પછી તેઓ પૂછશે, તમને કેવી રીતે જાણ થઈ ? તે કહેશે, મેં કુર્આને પાક પઢયું, તેના પર ઈમાન લાવ્યો, તેનું સમર્થન કર્યુ. તે વખતે આસ્માનથી પોકાર કરનાર કહેશે, મારા બંદાએ સાચુ કહ્યું, તેની નીચે જન્નતી ફર્શ બિછાવી દો, તેને જન્નતી લિબાસ પહેરાવો અને એક બારી જન્નતની તરફ ખોલી દો જેથી જન્નતની હવાઓ તથા ખુશ્બુઓ તેને આવે અને નજરોની હદ સુધી તેની ક઼બરને વિશાળ કરી દો.

પછી એક શખ્સ ઉમદા લિબાસ પહેરીને આવશે જેનાથી ખુશ્બુની લહેરો આવી રહી હશે. તે કહેશે, મુબારક થજો ! આજે તે દિવસ છે જે દિવસની તને ખુશખબરી અને વાયદો આપવામાં આવ્યો હતો. બંદો કહેશે, તું કોણ છે જે આ ખુશખબરી લઈને આવ્યો છે ? તે કહેશે, હું તારા નેક અમલો છું. પછી બંદો કહેશે, હે ખુદા ! ક઼યામત સુધી કાઈમ કર ! હે રબ ! કયામત ક઼ાયમ કર ! જેથી હું મારા બીવી

બચ્ચાં અને છેવટના અંજામને જોઈ લઉં.'' *(મુસ્નદે અહમદ, ૩/૪૯૯)*

જાહેર છે કે જ્યારે દુનિયાથી રુખસતી આ શાન તથા કરામતની સાથે થાય તો કોણ હશે જે મૌતથી ભાગશે ?! જ્યારે કે આ વાત પણ સ્પષ્ટ શબ્દોમાં કુર્આન એલાન કરે છે :

قُلْ اِنَّ الْمَوْتَ الَّذِیْ تَفِرُّوْنَ مِنْهُ فَاِنَّهٗ مُلٰقِیْكُمْ ثُمَّ تُرَدُّوْنَ اِلٰی عٰلِمِ الْغَیْبِ وَالشَّهَادَةِ فَیُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ○

''તમે ફર્માવો ! તે મૌત જેનાથી તમે ભાગો છો તે તો જરૂર તમને મળવાની છે, પછી તેની તરફ ફેરવવામાં આવશો જે છુપુ તથા જાહેર સર્વ કાંઈ જાણે છે, પછી તે તમને બતાવી દેશે જે કાંઈ તમે કર્યું હતું.''

*–(સૂરએ જુમ્અહ્, આ. ૮)*

જાહેર છે કે જ્યારે મૌતથી છૂટકારો નથી અને એ પણ સચ્ચાઈ છે કે મૌત જો ઈમાનના તકાઝાઓ પર થાય તો તે ફઝૂલો કરામતની પ્રાપ્તિનો ઝરીયો છે, જેથી આપણે મૌતથી નફરત કરવાને બદલે બેહતર મૌત પામવાના માટે ઉમદા અમલો વડે પોતાની જિંદગીને સજ્જ કરવાની કોશિશ કરવી જોઈએ.

## ★ મો'મિનની રૂહ ક્યાં રહે છે ?★

મુસલમાનના માટે એ પણ કરામતની વાત છે કે અલ્લાહ તબારક વ તઆલા તેની રૂહ કબ્ઝ કર્યા બાદ તેને પક્ષીના રૂપમાં જન્નતમાં ઝાડ સાથે લટકાવી દે છે. પછી જ્યારે કયામતના દિવસે તેને બીજીવાર જીવંત કરવામાં આવશે તો તેની રૂહ તેના શરીરમાં પલટાવી દેવામાં આવશે.

હઝરત કઅબ અન્સારી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّمَا نَسَمَةُ الْمُؤْمِنِ طَائِرٌ يَّعْلُقُ فِيْ شَجَرِ الْجَنَّةِ، حَتّٰى يَرْجِعَ اِلٰى جَسَدِهٖ يَوْمَ يُبْعَثُ۔

"બેશક ! મોમિનની રૂહ એક પક્ષીની જેમ જન્નતના ઝાડ સાથે લટકેલી રહે છે, ત્યાં સુધી કે કયામતના દિવસે જયારે લોકોને કબ્રોએથી ઉઠાવવામાં આવશે ત્યારે તે રૂહ ફૂટી તેના શરીરમાં પરત કરવામાં આવશે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૪૨૮)*

આ ઈનામ ઈકરામ એના માટે છે જે ઈમાન પર કાયમ રહીને તેના તકાઝાઓને પૂરા કરશે. જેથી આખેરતની જિંદગીને બેહતર બનાવવા માટે આપણે એ વાતની ફિકર કરવી જોઈએ કે દુનિયામાં રહીને આખેરતની તૈયારીમાં આપણે વ્યસ્ત રહીએ જેથી જયારે પણ દુનિયાથી વિદાયનો સમય આવી જાય તો દુનિયાથી ઈજ્જત તથા ઈકરામની સાથે આપણી વિદાય થાય.

## ★ હદીષોમાં મૌતની ફઝીલત ★

મુબારક હદીષોમાં મૌતના ઘણા જ ફઝાઈલ રિવાયત પામેલા છે. સંક્ષિપ્તમાં અમુક મુબારક હદીષો અત્રે રજૂ કરવામાં આવે છે :

* હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "મૌત મો'મિનનો તોહફો છે."
* હઝરત હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "મૌત મો'મિનના માટે ખુશ્બુ છે."

* હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : ''મૌત મો'મિનના માટે ગનીમત છે.''
* હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, ''મૌત મો'મિનના માટે કફ્ફારો છે.''
* હઝરત રબીઅ ઈબ્ને ખૈષમ رضی اللہ عنہ થી મરવી છે. ફર્માવે છે : ''સૌથી બેહતર આવનાર જેનો કોઈ મો'મિન ઈંતેઝાર કરે એ મૌત છે.''
* હઝરત માલિક ઈબ્ને મગૂલથી મરવી છે. ફર્માવે છે મને ખબર પહોંચી કે મો'મિનને સૌથી વધીને ખુશી મૌતની હોય છે, કેમ કે તે મૌતના થકી અલ્લાહની તરફથી મળનારી કરામત તથા સવાબનો મુશાહેદો કરે છે.
* હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી મરવી છે. ફર્માવે છે : ''અલ્લાહની મુલાકાતથી વધીને મો'મિનના માટે કોઈ રાહત નથી.''
* હઝરત અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہ થી મરવી છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, ''હે અલ્લાહ ! જે શખ્સ એ જાણે છે કે હું તારો રસૂલ છું તેની નજીક મૌતને મહેબૂબ કરી દે.''
* હઝરત અબૂ દરદા رضی اللہ عنہ કહે છે : ભાઈઓની તરફથી જે તોહફા આવે છે એમાં સૌથી બેહતર તોહફો સલામ છે અને સૌથી બેહતર ખબર મૌત છે.
* હઝરત મુહમ્મદ ઈબ્ને અબ્દુલ અઝીઝ તયમીથી મરવી છે, તે કહે છે કે અબ્દુલ અલા તયમીને કહેવામાં આવ્યું, તમે તમારા

માટે અને તમારાં પસંદીદા ઘરવાળાંઓ માટે શું પસંદ કરો છો ? તેમણે કહ્યું, મૌત પસંદ કરું છું.

* હઝરત હબ્બાન ઈબ્ને અસ્વદથી મરવી છે, તે કહે છે : મૌત બેહતર છે કે તે હબીબને હબીબથી મિલાવી દે છે.
* હઝરત મસ્રૂક ફર્માવે છે, મો'મિનના માટે કબ્રથી બેહતર કોઈ જગા નથી. જે કબ્રમાં ગયો તે દુનિયાના ગમોથી અને અલ્લાહના અઝાબથી અમાન પામી ગયા.
* હઝરત સુફયાન થૌરી رضی اللہ عنہથી મરવી છે. આપ ફર્માવે છે ! મૌતને આબિદોના માટે રાહત કહેવામાં આવતુ હતું. *(બુશ્રલ કઈબ)*

## ★ પરત થવાનુ પસંદ નહીં કરે ★

દુનિયાની નેઅમતોની સરખામણીમાં આખેરતની નેઅમતોનો મકામ ખૂબ જ ઊંચો છે એની તરફ નિર્દેશ કરતાં આ હદીષે પાકમાં રહનુમાઈ કરવામાં આવી છે :

હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

مَا فِي الْأَرْضِ مِنْ نَفْسٍ تَمُوتُ وَلَهَا عِنْدَ اللهِ خَيْرٌ تُحِبُّ أَنْ تَرْجِعَ إِلَيْكُمْ وَأَنَّ لَهَا الدُّنْيَا۔

''જમીનમાં કોઈ જાન એવી નથી જેનો ઈન્તેકાલ થઈ જાય અને અલ્લાહની નજીક તેના માટે ભલાઈ હોય, તેમ છતાં તે તમારી તરફ પરત થવા ચાહે, ભલે ને તેના માટે પૂરી દુનિયા હોય.''

*(અલ્મોઅજમુલ અવસત, ૧/૧૨૫)*

એનાથી અંદાઝો કરો કે આખેરતની નેઅમતો કેટલા પ્રમાણમાં મહાન છે કે એક શખ્સ જેના માલિકીપણામાં આખી દુનિયા હોય, પછી મૃત્યુ બાદ તેને આખેરતની નેઅમત અતા થઈ જાય તો દુનિયામાં પરત થવાનું પસંદ નહીં કરે. એટલા માટે મુસલમાન કદી મૌતથી નફરત નથી કરતો, બલ્કે તેનાથી મહોબ્બત કરે છે કે દુનિયાની ટેમ્પરરી નેઅમતોને છોડીને ગયા બાદ મૌત આખેરતની હમેશાંની નેઅમતોની પ્રાપ્તિનો ઝરીયો બનશે.

## ★ મલકુલ મૌતની નરમી ★

મૌમિને મૌતથી એટલા માટે પણ ભયભીત ન થવું જોઈએ કે મલકુલ મૌત દરેક મો'મિનની સાથે નરમીનો વર્તાવ કરે છે જેના કારણે મો'મિનની રૂહ કબ્ઝ થવામાં આસાની પેદા થાય છે. અલ્લાહ પોતાના ફઝ્લથી મો'મિનોને મૌતની સખ્તીઓથી નજાત અતા ફર્માવે છે.

હઝરત ખઝરજી رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક શખ્સના સિરહાને મલકુલ મૌતને જોયા તો ફર્માવ્યું, હે મલકુલ મૌત ! મારા આ સાથી સાથે નરમી કરો, કેમ કે એ મો'મિન છે. હઝરત મલકુલ મૌતે અર્ઝ કરી, આપ નચિંત રહો અને તમારી આંખોને ઠંડક પહોંચાડો. જાણી લો કે હું દરેક મો'મિનની સાથે નરમી વર્તનારો છું. *(બુશ્રલ કઈબ, પેજ–૨૨)*

જ્યારે આ વાત તેહકીક પામેલી છે કે મો'મિનની મૌત આસાની તથા નરમીની સાથે થશે તો પછી મૌતનો ડર અને તેનાથી નફરત શાથી થશે ? અલ્બત્ત એ શર્ત છે કે **આપણે પોતે પોતાને કામિલ**

**મો'મિન બનાવીએ, પોતાના ઈમાનને મજબૂત કરીએ અને મો'મિનની ખૂબીઓનું પોતે પોતાને સંગમ બનાવીએ.** જો આપણે ઈમાન પર અડગ છીએ તો પછી આપણે કોઈ ચીજની ડરવાની જરૂરત નથી.

સારાંશ એ કે આજે "વહન" નામના દુશ્મનથી જો આપણે સામનો કરવો છે અને આપણા દિલમાં અમલનો જઝબો પેદા કરીને પોતે પોતાને કામયાબી તથા સફળતાના માર્ગ પર ચલાવવું છે તો તેના માટે આપણે બે ચીજોથી પરહેઝ કરવી પડશે : (૧) આપણા દિલમાં દુનિયાની મહોબ્બત કદાપિ પેદા થવી ન જોઈએ. (૨) આપણા દિલથી મૌત તથા મૌત બાદની તૈયારીની ફિકર કદી નીકળવી ન જોઈએ. જ્યાં સુધી પોતે પોતાને આપણી ક઼ૌમ આ બે ખૂબીઓ (ગુણો) ધરાવનારી નથી બનાવી લેતી ત્યાં સુધી સંખ્યાની અધિકતા છતાં દુનિયામાં તેમનો કોઈ પ્રભાવ ન હશે અને આજ પ્રમાણે બાતિલ ક઼ૌમો આપણને નેસ્તો નાબૂદ કરવાની સાઝિશો કરતી રહેશે.

અલ્લાહ તઆલા આપણા દિલોએથી "વહન" દૂર કરીને અમલનો જઝબો અતા ફર્માવે અને આપણા દુશ્મનોને આપણા મુક઼ાબલામાં સરન્ડર કરે.

اٰمِیۡن بِجَاہِ حَبِیۡبِہٖ سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ

કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ

અનુવાદકો હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી | મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

## પ્રથમ વિભાગ

- ભાગ–૧ : અકીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (કબ્ર), કયામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્કાઓ વગેરેનું બયાન.
- ભાગ–૨ : તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.
- ભાગ–૩ : નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.
- ભાગ–૪ : વિત્ર, નફલ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.
- ભાગ–૫ : ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદકાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફલ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

## બીજો વિભાગ

- ભાગ–૬ : હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.
- ભાગ–૭ : નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન
- ભાગ–૮ : તલાક વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.
- ભાગ–૯ : ગુલામ આઝાદ કરવા વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.
- ભાગ–૧૦ : લકીતનું બયાન, ભાગીદારી, વકફનું બયાન, મસ્જિદ, કબ્રસ્તાન વગેરેનું બયાન

**પ્રથમ વિભાગ + બીજો વિભાગ એક સેટની કિંમત**

**રૂા. ૪૫૦/–**

*(ટપાલ ખર્ચ, રૂા. ૫૦/–)*

બૅંક ઓફ બરોડા
A/c. No. 34620100000303,
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

PhonePe
Mo. 94274 64411
G Pay paytm

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા.જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧